**શ્રી હસમુખ પટેલના માર્ગદર્શન નીચે અનુભવી અને નિષ્ણાંત શિક્ષકો દ્વારા અદ્યતન સુવિધાસભર શિક્ષણ સુવિધા : કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે વિશેષ પ્રયત્ન**

# અમરેલી નિત્યમ વિદ્યાસંકુલમાં ૫૦ ટકા ફિમાં રાહત

## અમરેલીમાં સર્વ પ્રથમ વખત કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા નિત્યમ વિદ્યા સંકુલ સંસ્થા દ્વારા શિક્ષણ અને હોસ્ટેલ માં ૫૦ % ફી રાખવામાં આવી

## સંસ્થા દ્વારા ૨૦૦ દિકરીઓ માટે પ્રથમ વર્ષની વ્યવસ્થા : એડમિશન આપવાનો પ્રારંભ : ધો. ૧ થી ૧૨ સ્કુલ અને હોસ્ટેલમાં પણ પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાઇ

અમરેલી,

કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાના ઉદેશ્ય સાથે નિત્યમ વિદ્યા સંકુલ માં ૨૦૦દીકરીઓ માટે સ્કુલ અને હોસ્ટેલની ફીમાં ૫૦% રાહત ની જાહેરાત કરાઈ છે.

આ અંગે નિત્યમ વિદ્યાસંકુલના ફાઉન્ડ ચેરમેન શ્રી હસમુખ પટેલે જણાવેલ કે, મે શૈક્ષણિક સંકુલ ની જાહેરાત કરી તો મને આ વિસ્તારના અનેક વાલીઓના ફોન આવ્યા કે, દીકરીને ભણાવવી તો છે પણ ભણવાની ફી ભરવામાં મુશ્કેલી છે એટલે મેં એવું નક્કી કર્યું કે દીકરીઓ માટે શિક્ષણ અને હોસ્ટેલ ફીમાં ૫૦% રાહત આપવી અને એના માટે ૨૦૦ દીકરી ઓ માટેની પ્રથમ વર્ષે વ્યવસ્થા કરી છે.

અમરેલીમાંથી હજારો વિદ્યાર્થીઓ દીકરા દીકરીઓ બીજા શહેરોની અંદર ભણવા જાય છે મેટ્રોસિટી નું શિક્ષણ ખૂબ જ મોંઘુ થઈ જાય છે આ વિસ્તારના નાના મધ્યમ વર્ગના અને ખેડૂત પરિવારની આવકની સરખામણીમાં દીકરા દીકરીઓ માટે નું શિક્ષણ ખૂબ જ ખર્ચાળ થઈ જતું હોય છે ત્યારે અમરેલીમાં ઘર આંગણે શ્રેષ્ઠ ગુણવત્તા યુક્ત શિક્ષણ મળે અને મેટ્રોસિટી જેવી પ્રીમિયમ હોસ્ટલ ફેસીલીટી મળે એવા ઉદ્દેશ્ય સાથે નિત્યમ વિદ્યા સંકુલમા નવા ભવનો નું નિર્માણ કર્યું છે.

ધોરણ એકથી ૧ ૨ ની સ્કૂલ અને હોસ્ટેલમાં વહેલા તે પહેલાના ધોરણે અમે એડમિશન આપવાનું શરૂ કર્યું છે.આજે દીકરા દીકરીઓ માં સાયન્સ ભણવાનો પણ ખૂબ મોટો ક્રેઝ છે.. પરંતુ સાયન્સનું શિક્ષણ ખૂબ જ ખર્ચાળ છે એટલે આપણા વિસ્તારના નાના-મોટા લોકોને દીકરા દીકરીઓને ઓછા ખર્ચે શિક્ષણ મેળવી શકે એવો મારો ઉદ્દેશ છે.

શ્રી પટેલે જણાવેલ છે કે, દીકરા દીકરીઓ માટે સેલ્ફ ડિફેન્સથી લઈ અને રમતગમતના તમામ મેદાન ની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.સનાતન સંસ્કૃતિ અને સભ્યતા ની ધરોહર કાયમ જીવંત રહે એવી શિક્ષણ પદ્ધતિ સાથે આધુનિક ટેકનોલોજી થી સુસજ્જ શિક્ષણ વ્યવસ્થા તૈયાર કરવામાં આવી છે.

અમરેલી અમરેલી અને આજુબાજુના વિસ્તારના નાના અને મધ્યમ વર્ગના લોકો નો શહેરીકરણ તરફનું માઈગ્રેશન પ્રયાણ એ અટકી અને અમરેલી નો બાળક અમરેલીમાં શિક્ષણ મેળવે અને અમરેલીમાં જ પોતે મેળવેલા શિક્ષણને અનુરૂપ ધંધા રોજગારની વ્યવસ્થાઓ કરે સ્ટાર્ટઅપ કરે તો અમરેલી જિલ્લાને વિકાસની નવી દિશાઓ અને વેગ મળશે અને નિત્યમ વિદ્યા સંકુલ આ દિશામાં કામ કરી રહ્યું છે.શ્રી પટેલે અંતમાં જણાવેલ છે કે, ફિલ્ડ એજ્યુકેશન નેચર એજ્યુકેશન એજ્યુકેશન અને જોબ orientation પ્રોગ્રામ દ્વારા વિદ્યાર્થીઓ ભણવા કરતા શીખવાનું કામ વધુ કરે એવી શિક્ષણ પ્રણાલી નિત્યમ વિદ્યા સંકુલના માધ્યમથી વિદ્યાર્થીઓને આપી શકાય એ દિશામાં કામ થઈ રહ્યું છે.

### નિત્યમમાં ભણતર સાથે ગણતરના પાઠ ભણાવવાના છીએ

# અમારા માટે પરિણામ કરતા વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ જરુરી : શ્રી હસમુખ પટેલ

## અમરેલીના યુવાન કેળવણીકાર શ્રી હસમુખ પટેલે યુનિક શિક્ષણ આપવા માટે પોતાની સંસ્થા નિત્યમ સ્થાપી : એડમીશન શરૂ : આ સત્રથી શિક્ષણકાર્યનો પ્રારંભ



અમરેલી, (ડેસ્કરિર્પોટર)

નિત્યમમાં ભણતર સાથે ગણતરના પાઠ ભણાવવાના છીએ કારણ કે આપણી ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડવા માટે અમારા માટે પરિણામ કરતા વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ જરુરી છે તેમ અમરેલીના અનુભવી અને યુવાન કેળવણીકાર શ્રી હસમુખ પટેલે અવધ ટાઈમ્સ સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ.

અમરેલીના અનોખા કેળવણીકાર શ્રી હસમુખ પટેલે ગાયકવાડી શિક્ષણ પામેલી સંસ્કાર નગરી અમરેલીમાં અનેક શૈક્ષણિક સંસ્થાઓ જોઈ છે પણ હકીકતમાં તેમા માત્ર પરસેન્ટેજની રેસ નહી પણ આપણી ભારતીય સંસ્કૃતિ સાથે યુનિક શિક્ષણ આપવા માટેની ઉણપ જોઇ અને પોતે નવુ સાહસ કરી પોતાની સંસ્થા નિત્યમ સ્થાપી છે. અહી શિક્ષણને વ્યાપાર નહી પણ ખરા અર્થમાં વિદ્યાદાન મળે તેવી વ્યવસ્થાઓ કરાઈ છે અને અમરેલીના લાઠી રોડ ઉપર સહજ સીટીનાં વિશાળ પરિસરમાં આ સંસ્થાનો શુભારંભ થઇ ચુકયો છે તેમા એડમીશન શરૂ થઈ ગયા છે. અને આ સત્રથી શિક્ષણકાર્યનો પ્રારંભ થવાનો છે આવનાર સમયમાં નિત્યમ વિદ્યા સંકુલનું નામ નહી પણ કામ બોલશે તે ચોકકસ છે.

### લોકસભા ચૂંટણી દરમિયાન

# સરકારે RBI પાસેથી ૧.૬૫ લાખ કરોડ લીધા હતા અને હવે RBIની અનામત ૩૦,૦૦૦ કરોડ પર આવી ગઇ

## અર્થશાસ્ત્રી વિજય ઘોરપાડે શું આ એક ખતરાની ઘંટડી નથી? : પૂર્વ સાંસદ વિરજીભાઇ ઠુંમર

અમરેલી,

લોકસભા ચૂંટણી દરમિયાન, સરકારે RBI પાસેથી ૧.૬૫ લાખ કરોડ લીધા હતા અને હવે RBIની અનામત ૩૦,૦૦૦ કરોડ પર આવી ગઈ છે. આ સૂચવે છે કે માત્ર બેંકો જ નહીં પરંતુ RBI પણ નાદારીની આરે છે. અર્થશાસ્ત્રી વિજય ઘોરપાડે શું આ એક ખતરાની ઘંટડી નથી? તેમ પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરે જણાવ્યું છે. વધુમાં જણાવ્યું કે, આવું અને કેવી રીતે થયું? આ એવા પ્રશ્નો છે જે આજે સામાન્ય નાગરિકો પૂછશે નહીં કારણ કે તેઓ અર્થશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્રમાં વધુ વ્યસ્ત છે. તેઓ કદાચ જાણતા નથી કે ૨૦૧૪ પહેલા કોઈપણ સરકારે ક્યારેય આરબીઆઈ પાસેથી સંપૂર્ણ 'સરપ્લસ મની - ગ્રોસ પ્રોફિટ' લીધો ન હતો.

સરકારે ડિવિડન્ડ તરીકે માત્ર એક લીધો હતો. ૨૦૧૮ માં, જ્યારે ઉર્જિત પટેલ આરબીઆઈ ગવર્નર હતા, ત્યારે મોદી સરકારે બેંકને તમામ નફો મોકલવા કહ્યું. જો કે, પટેલે નિયમો મુજબ ના પાડી, તેમણે ગવર્નર પદ પરથી રાજીનામું આપ્યું. ત્યાં સુધી, RBI પાસેથી ડિવિડન્ડ તરીકે લેવામાં આવેલી મહત્તમ રકમ ૫૦/૫૫ હજાર કરોડ હતી. બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ દરમિયાન, વડાપ્રધાન શ્રીમતી ગાંધીએ આરબીઆઈ પાસે રૂ. ૫૦,૦૦૦ કરોડને બદલે રૂ. ૭૦,૦૦૦ કરોડ માંગ્યા હતા, પરંતુ બેન્કે સ્પષ્ટપણે ઈનકાર કર્યો હતો અને સરકારે તેનો સ્વીકાર કર્યો હતો. આ સરકારે માત્ર પોતાના માટે આરબીઆઈના નિયમો જ બદલ્યા નથી પરંતુ ૩૨૩ થી ૨૭ કાયદાઓ બદલીને કોર્પોરેટ અને કંપનીઓના કામને સફેદ કરી છે. છેલ્લા ૩ થી ૫ વર્ષમાં ૫૦ હજાર કંપનીઓ નાદાર થઈ. બેંક લોન ગાયબ, ૭૦ હજાર નવી કંપનીઓ નવી લોન લઈને ઊભી થઈ! આ છે આ સરકારનું અર્થશાસ્ત્ર! શું સૂચવે છે શ્રી ઠુંમર આજે જો RBI પાસે અપેક્ષિત ૭૪,૦૦૦ કરોડનો નફો ન હોય અને સરકાર તેમાંથી જે ઓછું હોય લે, તો નિષ્ફળ રહેલી બેન્કોને કોણ બચાવશે? લક્ષ્મીવિલાસ જેવી બેંકો યાદ કરવી જોઈએ; યસ બેંક; DHFL! લક્ષ્મી વિલાસને સિંગાપોર બેંકને વેચી દીધી હતી. અન્ય બેબેંકોની સ્થિતિ હજુ પણ ખરાબ છે અને હવે વધુ બેબેંકોનું ખાનગીકરણ કરવામાં આવી રહ્યું છે. કુતુબમિનાર 'વિષ્ણુ સ્તંભ' છે કે જ્ઞાનવાપીમાં 'શિવલિંગ' છે સમજવાને બદલે સરકારની આ આર્થિક નીતિ ક્યાં લઈ ગઈ છે તે સમજવું જોઈએ. દેશ

બંધારણીય નિયમો કહે છે કે જો સતત ચાર મહિના સુધી ફુગાવો વધતો રહે તો સરકારે આ પ્રશ્ન સીધો રિઝર્વ બેંકને પૂછવો જોઈએ! અને આરબીઆઈએ પણ યોગ્ય જવાબ આપવો જોઈએ. પરંતુ છેલ્લા ૬ મહિનાથી મોંઘવારી સૂચકાંક રહ્યો હોવા છતાં ન તો સરકારે કોઈ તપાસ કરી કે ન તો આરબીઆઈએ કોઈ ખુલાસો કર્યો. સંસદમાં ચર્ચા થવી જોઈતી હતી, પરંતુ આ સરકારે તેમ કર્યું નથી. સરકાર વિરુદ્ધ જવા બદલ ઉર્જિત પટેલ સામે કાર્યવાહી! કરવી કેટલી ઊંચીત છે કેમ જણાવી પૂર્વ સાંસદ ઠુંમરે ઉમેર્યું હતું કે આવા ઘણા ઉદાહરણો હશે ત્યારે સરકાર સામે કોણ જશે? ઉલટું, સરકાર દ્વારા નિયુક્ત કરાયેલ બોર્ડે સરકારને ટેકો આપ્યો છે અને આરબીઆઈને આ સ્થિતિમાં લાવ્યા છે. પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના ૨૦૦૬થી ૨૦૧૪ના આઠ વર્ષના કાર્યકાળની મોદીના ૨૦૧૪થી ૨૦૨૨ના કાર્યકાળ સાથે સરખામણી કરીએ તો સ્પષ્ટ થાય છે કે ડૉ. સિંહના કાર્યકાળ દરમિયાન, ઈર્ભૈ પાસેથી માત્ર ૧,૦૧,૬૭૯ કરોડ ઉધાર લીધા હતા, જ્યારે મોદીના કાર્યકાળ દરમિયાન, આ રકમ ૫,૭૪,૯૭૬ કરોડ છે! તે પાંચ ગણું વધારે છે! આને કહેવાય 'પ્રણાલી દ્વારા ચાલાકી દ્વારા ભ્રષ્ટાચાર' તમે નક્કી કરો કે RBI કોણે નાદારી કરી! તેમ શ્રી ઠુંમરે પ્રેસ વિજ્ઞપતીમાં જણાવ્યું હતુ.

# સાબરકાંઠાનાં વિજયનગરમાં કમોસમી વરસાદને કારણે ખેડુતોની ચિંતા વધી

(સંપૂર્ણ સમાચાર સેવા) વિજયનગર,

સાબરકાંઠાના વિજયનગરમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોની ચિંતા વધી છે. વિજયનગરમાં બીજે દિવસે પણ વરસાદ વરસ્યો હતો. ભારે પવન અને સાથે વરસાદ પડ્યો હતો. અસહ્ય ગરમી વચ્ચે વરસાદને કારણે એક તરફ ઠંડક પ્રસરી છે જ્યારે બીજી તરફ ઉનાળુ પાકને નુકસાનને કારણે ખેડૂતો ચિંતામાં મુકાયા છે. બનાસકાંઠાના પાલનપુર તથા આસપાસના ગામોમાં મીની વાવાઝોડાથી બાજરી અને પપૈયા જેવા પાકને ભારે નુકશાન થયું હતું. જેને કારણે ખેડૂતોને લાખોનું નુકશાન વેઠવાનો વારો આવ્યો સિવાય પાટણના સિધ્ધપુર, કચ્છ, અમરેલી, જામનગર જીલ્લાના અનેક ગામોમાં વિજળીના કડાકા અને વાવાઝોડા સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. જેને પગલે ઉનાળુ પાકમાં નુકશાન થયું

# રાજકોટનાં કુવાડવા રોડ પર બાળક કુંડીમાં પડી જવાથી મોત

(સંપૂર્ણ સમાચાર સેવા) રાજકોટ,

માતા પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે, કુવાડવા રોડના શાલીગ્રામ શિલ્પ બિલ્ડિંગની એક ઘટના સામે આવી છે.રાજકોટના કુવાડવા પર બાળક કૂંડીમાં પડી જવાથી મોત થયું હતું. બાળક શાલીગ્રામ શિલ્પ બિલ્ડિંગ પાસે રમી રહ્યો હતો. માહિતી અનુસાર બાળક રમતા રમતા કુંડીમાં પડી ગયું હતું.

બાળકના મોતથી સોસાયટીમાં શોકનો માહોલ ફેલાયો હતો. માસૂમ બાળક તેના ઘરની બહાર રમી રહ્યો હતો. રમતા રમતા તે કુંડી પાસે પહોંચ્યો. આ દૃરમિયાન કુંડી પડી ગયો હતો.આ બાળકનું નામ સંદૃીપ બુઢા છે.આ ઘટના કુવાડવા રોડના શાલીગ્રામ શિલ્પ બિલ્ડિંગની છે.

જ્યારે મૃતક બાળકના ઘરે ખબર પડી ત્યારે માસૂમ શોધતા પરિવારજનો દૃોડી આવ્યા હતા. આ દૃરમિયાન લોકોએ કુંડીમાં જોયું કે તેમના બાળક સંદૃીપટાંકીમાં જોવા મળ્યો હતો.

**૧૦૦% નોકરી મેળવો**
ઓલ ઓવર ગુજરાતમાં
શરૂઆત કેવી રીતે કરવી
તમારો બાયોડેટા/સીવી અમારા વોટ્સએપ
96381 63582 પર મોકલો અથવા અમને
sonicapital007@gmail.com પર ઇમેઇલ કરો
SONI CONSULTANCY
મો.૯૬૩૮૧ ૬૩૫૮૨

એલર્જી - શ્વાસ - કફ
સ્પાયરોમેટ્રી સુવિધા
ડો. ડબાવાલા
ફેફસાના નિષ્ણાંત
અમરેલી. ફો.૨૨૩૦૧૫ (૪૪ વર્ષથી)

**અમરેલીમાં મકાન વેચવાનું છે**
અમરેલીના સુખનાથપરામાં
તાત્કાલિક કસમાં પોણા વસાનું
2BHK ટોટલ માર્બલ ફ્લોરવાળુ
Duplex મકાન ફિક્સ ફર્નિચર સાથે વેચવાનું છે
સંપર્ક ડો. મિહીર ગણાત્રા
મો.૬૩૫૯૯ ૩૦૨૦૨, ૭૦૧૬૮ ૫૬૧૬૮

ચીરંજીવી હાર્ટ કેર હોસ્પિટલ
એન્ડ મેટરનીટી હોમ
ડો. સ્નેહલ સી.પંડયા
MD(Medicine)
ડો.નીશા એસ.પંડયા
MD(Gynaec)
Phone H.225531 Mobile.9925426394
કેરીયા રોડ, અમરેલી. e-mail :
chiranjivi_amr@yahoo.co.in

AMARON
LASTS LONG. REALLY LONG.
મનસુખભાઇ મો. ૯૮૨૪૨ ૨૦૮૬૫
ભાણાભાઇ મો. ૯૪૨૮૯ ૭૦૬૫૨
જગદિશભાઇ મો. ૯૫૭૪૧ ૪૭૪૪૭
પટેલ
ટાયર એજન્સી
એમરોન બેટરીના અમરેલી જીલ્લાના ઓથોરાઇડ ડીસ્ટ્રીબ્યુટર
અજમેરા સ્કૂલ બીલ્ડીંગ, મોટા બસ સ્ટેશન પાસે,
બસ સ્ટેશન રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

**ઓપન ભાવથી પ્લોટ**
શ્રીનાથ - ૨ માત્ર ૦૫.૫૫
શિવલીલામાં માત્ર ૦૮.૦૦
રામાણી - ૨ માં માત્ર ૦૬.૦૦
પ્રોપર્ટી લેવા - વેચવા કે ભાડે લેવા - દેવા
લાભમ્ પ્રોપર્ટીઝ
મો.૯૪૨૮૯ ૭૦૯૫૪

શુભ પ્રસંગોમાં કેટરીંગ કામ કરી આપીશું
દરરોજ બપોરે... અલગ અલગ સ્વીટ ■ ફરસાણ
■ ૩ શાક ■ દાળ-ભાત ■ રોટલી ■ છાશ ■ પાપડ ■ સલાડ
દરરોજ સાંજે... ૩ શાક ■ કઢી - ખીચડી
■ રોટલી - રોટલા ■ ભાખરી ■ છાશ ■ પાપડ ■ સલાડ
૧૯૬૮ થી આપની સેવામાં....
જય ખોડીયાર ડાઈનીંગ હોલ
શુધ્ધ કાઠીયાવાડી ભોજનનો રસથાળ
કિશોરભાઇ મો. ૯૯૯૮૪ ૩૯૫૫૦ રઘુવિરભાઇ મો. ૭૦૧૬૪ ૩૨૧૪૬
દુકાન નં. ૭/૮, પહેલો માળ, જુના માર્કેટયાર્ડના ગેઇટ પાસે, અમરેલી

ડો. વિવેક પી. જોષી
M.B.(સાયકીઆટ્રી)D.P.M.
MIPS,MIAPP
MOB.99099 41310
એક્યમ ન્યુરો સાઇક્રીયાટ્રી હોસ્પિટલ
મગજ, માનસીક રોગ, જાતીય નબળાઇ તથા વ્યસન મુકતીનાં નિષ્ણાંત
પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ,
અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ / મો.૯૭૩૭૦ ૨૮૧૮૧

હોલસેલ તથા રીટેઇલમાં ખરીદવા માટે
UltraTech CEMENT
The Engineer's Choice
સ્ટોકીસ્ટ
ચંદારાણા ડીસ્ટ્રીબ્યુટર્સ
માર્કેટીગ યાર્ડ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૨ ૧૯૬૯૯

ઘર જેવું સ્વાદિષ્ટ જમવાનું અમરેલીમાં ફસ્ટનંબર જે તમને સ્વાદિષ્ટ અને સાત્વિક જમવાનું પીરસશે
શ્રી ગણેશ ડાઈનીંગ હોલ : કેટર્સ
સતાધાર કોમ્પલેક્ષ,નાના બસ સ્ટેન્ડ પાસે,અમરેલી
ફો.ઓ.૨૨૧૬૩૩,મો.૯૩૭૭૪ ૪૮૫૩૯

ડો.વિભાબેન વેલાણી
ડો.રોમી વેલાણી M.B.B.S
સ્ત્રિઓ અને બાળકોના ડોકટર
સરકારી દવાખાના સામે, બાબરા
નોંધ :- નિઃસંતાન દંપતી સારવાર માટે સજોડે આવે તથા જુના રીપોર્ટ સાથે લાવવા (રવીવારે રજા)
મો.૯૪૨૭૫ ૫૭૭૯૪

**મેટ્રો કન્સલટન્ટ**
(ટેકસ કન્સલટન્ટ)
વ્યાજબી પૈસા ઝડપી કામ
● એકાઉન્ટીંગ
● GST રીર્ટન
● I.T. રીર્ટન
સંપુર્ણ સેવા એક જ જગ્યાએ
માર્કેટયાર્ડ રોડ, હેડ પોસ્ટ ઓફીસની બાજુમાં,
હરભોલે પાનની ઉપર, પહેલા માળે, અમરેલી.
મો.૯૩૭૬૬ ૫૮૬૫૨, ૯૩૭૪૨ ૩૦૨૩૧ ફોન: (૦૨૭૯૨) ૨૩૦૨૩૧

Coca-Cola
જીતુભાઇ પાથર
૯૮૯૮૦ ૫૨૯૭૭
૯૯૯૮૧ ૧૬૬૬૬
અર્જુન એજન્સીઝ
એડ્રેસ : - ભુતીયા, ચિત્તલ રોડ, અમરેલી.

**વાડી વેચવાની છે**
૩૬ વિઘાની મુ.પીપળવા (ગીર)
તા.ખાંભા, જી.અમરેલી
૯ વિઘા પણ મળશે
નીચેના નંબર પર સંપર્ક કરો
-:: સંપર્ક ::-
મો.નં.૯૪૨૬૨ ૪૩૪૩૪

અમરેલી તથા સુરત
ચકાભાઇ
ભેળવાળા ફુડ કોર્ટ
સ્વાદિષ્ટ વિવિધ ટેસ્ટમાં ભેળ,બર્ગર, પીઝા સેન્ડબીચ, વિગેરે અનેક વેરાઇટી
સીટી પોઇન્ટ કોમ્પ્લેક્ષ, મોટા બસ સ્ટેન્ડ સામે,અમરેલી.
મો. ૯૮૨૫૭ ૫૫૬૦૫

મહેશભાઇ રાચચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૧
કલ્પેશભાઇ રાચચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૨
મિઠાઇ તથા ફરસાણમાં સદાય નવીનતા આપવી એ અમારી પરંપરા
શ્રી ભગવતી સ્વીટ માર્ટ
જુની બજાર, જૈન દેરાસર પાસે, ટાવર રોડ,અમરેલી.
બ્રાન્ચ:- સંઘવી ધર્મશાળા, દુકાન નં. ૨,ક્રિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી.

"શ્રી ક્રિષ્ના પેસ્ટ કન્ટ્રોલ"
ઉધઇ થી બચો
ઉધઇ ની ટ્રીટમેન્ટ કરી આપનાર
ભાવેશભાઇ - મો. ૯૯૨૫૭ ૫૦૩૪૧

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**મોકાની દુકાન વેચવાની છે**
અમરેલીમાં ટાવર રોડ ઉપર પરમાનંદ માર્કેટમાં સોની ભાઇઓને અતિ ઉપયોગી એવી અતિ મોકાની દુકાન કસમાં વેચવાની છે
-:: સંપર્ક ::-
મો.૯૮૯૮૨ ૪૮૭૮૯

**મકાન વેચાવ છે**
અમરેલીમાં ચિતલ રોડ તપોવન પાર્કમાં ઉપર ત્રણ બેડરૂમ, નીચે બેડરૂમ હોલ, કિચન, ફીક્સ ફર્નિચર, મોટુ ફળીયુ, કલર, પીઓપી કરેલ, ત્રણ બાજુ જગ્યા, અંદાજે ૧ વસા જગ્યામાં સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઇપ મકાન વેચવાનું છે
સંપર્ક : મો.૮૨૦૦૬ ૩૮૬૨૪

**મોકાનું મકાન વેચવાનું છે**
અમરેલીમાં ચિતલ રોડ, ૨૩-ગીરીરાજનગર, શેરી નં.-૨ માં મજબુત બાંધકામવાળુ, બે માળનું મકાન વેચવાનું છે
-:: સંપર્ક ::-
મો.૯૪૨૮૨ ૦૦૬૬૦, ૯૪૨૮૭ ૦૮૪૫૪

પાસપોર્ટ ફોટા ફક્ત રૂપીયા
૩૦ માં ૩૨ કોપી બધી મોટી સાઇઝ
૧૨ X ૧૮ ની સાઇઝનો ફોટો
ફ્રેમ સહિત માત્ર ૩૦ મીનીટમાં
શ્રી ખોડિયાર સ્ટુડિયો
લીલીયા રોડ, ભીડભંજન મંદિરની સામે, અમરેલી
મો.૯૪૨૯૧ ૩૯૭૫૬

ત્રણ દાયકા જુના અને નિષ્ણાંત કુક
શ્રી નિવાસ ડાઇનિંગ હોલ
નું જમવાનું તો ભાઇ.. ભાઇ..
ફુલ ગુજરાતી થાળી
સવારનાં ૧૦:૩૦ થી બપોરનાં ૩:૦૦ સુધી મળશે
જેમાં બે શાક, એક કઠોળ, દાળ-ભાત, સંભાર (ઘર જેવુ જ જમવાનું) અમીનો ઓડકાર
સ્થળ : શ્રી નિવાસ ગેસ્ટ હાઉસ
રાજકમલ ચોક, અમરેલી મો.૯૪૨૬૪ ૩૮૩૫૬

**અમરેલીમાં પ્લોટ વેચવાનો છે**
ચક્કરગઢ રોડ, કાનાણીની વાડી પાસે, અક્ષર બંગલોઝની બાજુમાં, ૨૦ X ૩૩ ની સાઇઝનો રોડ કાંઠાનો મોકાનો પ્લોટ કસમાં વેચવાનો છે
-:: સંપર્ક ::-
મો.૯૫૧૦૩ ૩૬૯૮૯

### દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી નાગનાથ મહાદેવના સાનિધ્યે શિવભકતો ઉમટી પડશે

# અમરેલીમાં સોમવારે નાગનાથ મંદિરે પાટોત્સવ

**ભગવાનશ્રી નાગનાથ મહાદેવના ૨૦૬માં પટોત્સવ નિમિતે ભવ્ય વર્ણાગી શહેરના રાજમાર્ગો પરથી નિકળે : સાંજે મહાઆરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે**

**શ્રી નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થા તથા ટ્રસ્ટીગણ અમરેલી દ્વારા ૨૦૬માં પટોત્સવની થઇ રહેલી તડામાર તૈયારીઓ : ભાવિક ભકતોમાં અનેરો ઉત્સાહ**



અમરેલી,દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી નાગનાથ મહાદેવના ૨૦૬માં પાટોત્સવનું આયોજન થયું છે. સોમવારે ભગવાન નાગનાથના પાટોત્સવ નિમિતે વર્ણાગી મહાપુજા, સહિત ધાર્મિક કાર્યક્રમો માટે તડામાર તૈયારીઓ થઇ રહી છે. અમરેલી નાગનાથ મહાદેવનો ૨૦૬મો પાટોત્સવ વૈશાખ સુદ ૧૨ને તા.૨૦-૫-૨૪ને સોમવારના રોજ ઉજવવામાં આવશે. સાંજેના ૫-૪૫ કલાકે અમરેલી શહેરના મુખ્યમાર્ગો ઉપર દાદાની વર્ણાગી ફરશે જેમાં બહોળી સંખ્યામાં ભાવિકો જોડાશે. સાંજના ૭-૧૫ કલોક મહાઆરતી થશે. તેમ નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થાના ટ્રસ્ટી ગણે જણાવેલ છે.

## સુરતમાં ગ્રાહક બની દુકાનમાં ચોરી કરતી મહિલા ગેંગ ઝડપાઇ

(સંપૂર્ણ સમાચાર સેવા) સુરત, સુરત નાના વરાછા વિસ્તારમાં અંદ્રી શ્યામધામ સોસાયટીમાં કાપડની દુકાનમાં ત્રણ મહિલાઓ આવી દુકાન માલિકની નજર ચૂકવી સાડીઓ ની ચોરી કરી ફરાર થઈ ગઈ હતી. સમગ્ર મામલે દુકાનદ્વારે સરથાણા પોલીસ ફરિયાદ નોંધાવી છે સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે પોલીસ એ સીસીટીવી ફૂટેજ ના આધારે તપાસ શરૂ કરી છે સુરતમાં નાના વરાછા સાડીઓની દુકાન આવેલી છે આ દુકાનોમાં મોટી સંખ્યામાં મહિલાઓ ખરીદી કરવા માટે આવતી હોય છે જેમાં આ મહિલાઓ વચ્ચે એક મહિલા ચોર ગેંગ સક્રિય છે

### તા.૧/૬ થી ૩૧/૭ સુધી ૬૧ દિવસ દરિયામાં માછીમારી પર પ્રતિબંધ

# ૧ જૂનથી જાફરાબાદમાં સાગર ખેડૂતોનું દરિયાઇ વેકેશન

**આગામી ચોમાસુ નજીક હોવાથી જાફરાબાદ મત્સ્યોદ્યોગ કચેરીએ પરિપત્ર બહાર પાડી સાગર ખેડુતોને જાણ કરી**



જાફરાબાદ,

ગુજરાતના ૧૬૦૦ કિ.મી.ના દરિયાકાંઠે સાગરખેડૂઓ સમુદ્રના પેટાળમાંથી રાત દિવસ એક કરીને આંધી તુફાન વાયુ પવન અને વરસાદી આફત કે પછી તુફાની આફતો સામે હિંમત ભેર દરિયો ખેડી કિંમતી માછલીઓને મારી પોતાનું જીવન નિર્વાહ કરતા હોય છે. સમગ્ર વર્ષ દરમિયાન સાગરખેડૂઓ મહિના દરમિયાન ફિશિંગ મધદરિયે કરે છે. અંદાજીત એક થી બે મહિના સુધી ચોમાસાને ધ્યાને લઇ ફિશિંગ પર પ્રતિબંધ હોય છે. આ સમયગાળો સાગરખેડૂઓ પોતાના પરિવારમાં સામાજિક કાર્યોમાં વેસ્ટ રહી વેકેશનનો સમય હોય છે.ચોમાસુ નજીક હોય દર વર્ષની જેમ આ વર્ષે પણ સાગરખેડૂઓ નું દરિયાઇ વેકેશન જાહેર કરાયુંછે. કચેરીએ બહાર પાડેલા પરીપત્ર માં ફિશિંગ બન સમય ગાળામાં ફેરફાર કરીદેવામાં આવ્યો છે. તેમજ માછીમારો એસોસિયેશન અને આગેવાનોને દરિયાઈ વેકેશન બાબતે જાણ કરવામાં આવી છે. ભારત સરકાર ના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય દ્વારા આધારિત પત્ર -૩ થી તેમજ વડી કચેરી ગાંધીનગર આધારિત પત્ર-૪ થી પ્રાદેશિક જળ વિસ્તારની (ઈન્ડિયન એસક્યુઝિવ ઈકોનોમિક ઝોન) માં પશ્ચિમ દરિયાકાંઠા ના આંતરદેશીય તથા પ્રાદેશિક વિસ્તારમાં ૬૧ દિવસના સમયગાળા દરમિયાન માછીમારી પર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. આગામી તા.૧ જુનથી ૩૧ જુલાઈ એટલે ૬૧ દિવસ સુધી ફિશિંગ પર પ્રતિબંધનો આદેશ કરાયો છે. જેને ધ્યાનમાં લઈ જિલ્લામાં તા. ૧ જૂનથી ૩૧ જુલાઈ સુધી યાંત્રિક ફોટો હોડીઓ દ્વારા આંતરદેશીય તેમજ પ્રાદેશિક જળ વિસ્તારમાં થતી માછીમારી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જાફરાબાદ લાઇટ હાઉસ રોડ ઉપર આવેલી મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી દ્વારા જણાવવામાં આવ્યું છે. કે, આગામી તા. ૧ જૂનથી માછીમારી પર પ્રતિબંધ મુકેલ હોય ઓનલાઇન સોફટવેર માં ટોકન લઈ ગયેલ તથા આવનાર માછીમારી માટે જનાર તમાંમ બોટની કોટનની રિટર્ન એન્ટ્રી તા. ૩૧ મેં સુધીમાં ફરજિયાત કરી લેવાની રહેશે આ પ્રતિબંધ માંથી નોન - મોટરાઈઝડ કાફટ (લાકડાની બિનયંત્રિક એક લડડી હોડી અને શઢવાળી હોડી) તથા પગડિયા માછીમારોને બાકાત રાખવામાં આવ્યાં છે. આ આદેશ નો ભંગ કરનાર ઉપર ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદા ૨૦૦૩ ની કલમ ટ) ના ભંગ બદલ કલમ-૨૧/૧ (ચ) મુજબ દંડને પાત્ર ઠરશે આમ જાફરાબાદ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી દ્વારા માછીમારી પ્રતિબંધ સમય દરમિયાન માછીમારી કરવા દરમિયાન પ્રવેશ કરશે તો તેમનાં વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી થશે તેવો આદેશ કરાયો

### ગુજરાતમાં ૮ થી ૧૦ જુન સુધીમાં ચોમાસુ

# ૨૪મીથી હવામાનનાં પલટાની સાથે ચોમાસુ વ્હેલુ : અંબાલાલની આગાહી

**હવામાન ખાતુ કહે છે ૧૫ જુલાઇ આસપાસ સમગ્ર દેશને આવરી લેશે**

અમરેલી,

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્ર સહિત અનેક સ્થળે ગાજવીજ સાથે વરસાદ પડી રહ્યો છે. જેના કારણે ઉનાળુ પાકને મોટુ નુકશાન થયું છે. દરમિયાન હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે ચોમાસાને લઈને મોટી આગાહી કરી જણાવ્યું છે કે, ૨૪મી મેથી ૫મી જુન પછી હવામાનમાં પલટો આવશે અને ચોમાસુ વહેલું આવશે. મે નાં અંતમાં અને જુનની શરૂઆતમાં અરબ સાગરમાં ચક્રવાત રહેશે. બંગાળનાં ઉપસાગરમાં ચક્રવાત સર્જાવાની શક્યતા છે. ૧૮ થી ૨૪મી મે વચ્ચે અંદામાન અને નીકોબાર ટાપુ વચ્ચે ચોમાસુ બેસી જશે. આ ઉપરાંત ગુજરાતમાં ૭ મી થી ૧૦મી જુન સુધીમાં જુદા જુદા ભાગોમાં ચોમાસુ બેસસે જ્યારે ૧૪ થી ૧૮ જુન દરમિયાન આંધી અને વંટોળ સાથે વરસાદ પડશે. જ્યારે ભારતીય હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ દક્ષીણ પશ્ચિમ ચોમાસુ ૩૧મે ની આસપાસ કેરળમાં પહોંચવાની શક્યતા છે. દક્ષિણ પશ્ચીમ ચોમાસુ સામાન્ય રીતે પહેલી જુને કેરળમાં લગભગ સાત દિવસનાં આગળ પાછળનાં વિરામ સાથે પ્રવેશે છે. આ પછી તે સામાન્ય રીતે ઉત્તર ભારત તરફ ઝડપથી આગળ વધે છે અને ૧૫મી જુલાઈ આસપાસ સમગ્ર દેશને આવરી લે છે. આઈએમબીએ ગયા મહીને દક્ષીણ પશ્ચિમાં જુનથી સપ્ટેમ્બર સુધી ચાલનારા ચોમાસાની ઋતુ દરમિયાન સામાન્ય કરતા વધુ વરસાદની આગાહી કરી હતી. જુન અને જુલાઈ ખેતી માટે મહત્વનાં માનવામાં આવે છે. ખરીફ પાકની મોટા ભાગની વાવણી આ સમય દરમિયાન થાય છે. કેરળમાં ચોમાસાની તારીખ અંગેની આગાહીઓ ૨૦૧૫ સિવાય છેલ્લા ૧૯ વર્ષમાં સાચી સાબિત થઈ હતી.

## અમદાવાદનાં કાંકરિયામાં ઢોસામાં નિકળ્યો પથ્થર : ગ્રાહકનાં સ્વાસ્થ્ય સાથે ચેડા

## રાજુલાનાં ખાખબાઈ ગામે પરણીતાનાં આપઘાત કેસમાં તમામ આરોપીઓનો છુટકારો થયો

**આરોપીના વકીલ કે.એસ. રાઠોડની દલીલો કોર્ટે માન્ય**



રાજુલા,

આજથી આશરે પાંચેક વર્ષ પહેલા રાજુલા તાલુકાના ખાખબાઈ ગામે પુંજીબેન ભોળાભાઈ બાબરીયા અનુ. જાતિનાએ ઝેરી દવા પી આપઘાત કરેલ જે બાબતે મરણ જનારના પુત્ર હરેશભાઈએ તેની બાજુમાં રહેતા તેમના મોટા બાપા હાદાભાઈ માણસુરભાઈ બાબરીયા અને તેના પત્નિ તથા દિકરા દિકરીઓ વિરૂધ્ધ એવા મતલબની એફ.આઈ.આર. નોંધાવેલ કે અમારા ઘરની બાજુમાં રહેતા મારા મોટા બાપા હાદાભાઈ તથા તેના પત્નિ રાજીબેન તથા તેના દિકરા અને દિકરીઓએ મારા માતા સાથે રસ્તાના હલાણ બાબતે માથાકુટ કરતા તેના ત્રાસના કારણે દવા પી ગયેલ. આ બાબતે બનાવના સવારે પણ ઝઘડો થયેલ અને આરોપીઓ મારવા દોડેલ અને કહેલ કે તુ મરી જા એમ કહેલુ અને તે રીતે ફરીયાદી હરેશભાઈની માતાને આરોપીઓ મરવા મજબુર કરતા ઝેરી દવા પી આપઘાત કરી લીધેલ જે મતલબની ફરીયાદ રાજુલા પોલીસ સ્ટેશને હરેશભાઈ ભોળાભાઈ બાબરીયાએ નોંધાવેલ.સદરહુ કેસ રાજુલા એડી. સેશન્સ કોર્ટમાં ચાલી જતાં રાજુલા કોર્ટે આરોપીઓ તર્ફે વકીલ કે.એસ. રાઠોડની દલીલ માન્ય રાખી તમામ આરોપીઓને તારીખ ૧૭/૦૫/૨૦૨૪ ના રોજ જજમેન્ટમાં શંકાનો લાભ આપી આ કેસના તમામ આરોપીઓને છોડી મુકેલ આ કેસ કામે સાથે વકીલ હેમુભાઈ રાઠોડ તથા વકીલ બી.આર.સીધવ પણ રોકાયેલ હતા.

## રાજુલા એસ બી આઈ કૃષિ બેંકનું એટીએમ છેલ્લા એક માસથી બંધ : લોકો ત્રાહિમામ પોકારી ગયાં

**એટીએમ ક્યારે શરૂ થશે તેનું કાઇ નક્કી નથી : ગ્રાહકોમાં વ્યાપક રોષ**




રાજુલા,રાજુલા ખાતે સવિતા નગરમાં આવેલી state bank of India સૌરાષ્ટ્ર કૃષિ શાખા રાજુલામાં સૌથી મોટી બેંક છે સૌથી વધારે ખાતા ખેડૂતોના આ બેંકમાં છે અમરેલી જિલ્લામાં કહીએ તો આ કૃષિ બેંક સૌથી વધારે ટન ઓવર આ બેંકમાં છે ખેડૂત લક્ષી બેંક હોવાથી ખાતા રાજુલા જાફરાબાદ વિસ્તારના આ કૃષિ બેંકમાં છે પરંતુ આ બેંકમાં ખાતું ખોલવું હોય તો ત્યારે એક જ દિવસમાં ખૂલતું નથી બે થી ત્રણ દિવસ પછી વારો આવે છે એટલી મોટી ગ્રાહકો ધરાવતી બેંક છે પરંતુ કમનસીબીએ છે કે સવિતા નગરમાં બેંક છે ત્યાં આજુબાજુ એક પણ એટીએમ નથી આ બેંકનું જ એટીએમ છે આ એટીએમ ખેડૂતોને પણ ફાયદાકારક હતું સવિતા નગરના લોકોને પણ ઉપયોગી હતું આ અંગે જમૈ કૃષિ બેંક ના જવાબદાર અધિકારી યોગેશભાઈ ને પૂછતા જણાવ્યું કે સવા મહિના ઉપરથી બનશે પરંતુ નવું એટીએમ અને કારીગર આવે રાજુલા ત્યારે થશે આમ સવા મહિનાથી બંધ હોવા છતાં પેટનું પાણી પણ હલતું નથી આ અંગે ભાવનગર અમરેલીના મેનેજર આ બેંકના ખાતા ગ્રાહકોની સંખ્યા એટીએમ નો ઉપાડ તપાસ કરી તાત્કાલિક એટીએમ શરૂ કરાવવા રિઝ્યોન મેનેજરને રાજુલા ગ્રાહકો દ્વારા રજૂઆત કરવામાં આવી છે

## સાવરકુંડલાનાં રેલવે ટીકીટ બુકિંગ ઇન્ચાર્જે માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું



સાવરકુંડલા, (સૌરભ દોશી)

અકબરભાઈ સલીમભાઈ જે ગુજરાત કાર કે વાળા સાવરકુંડલા રેલવે સ્ટેશન ટિકિટ સેન્ટર પર બંને બારી ચાલુ હતી એ સમયે પોતાનો iphone ટિકિટ બુકિંગ કરતી વખતે ભૂલી ગયા હતા એ ફોન iphone નો હતો ને તેની અંદાજિત કિંમત ૫૦,૦૦૦ જેટલી હતી ત્યારે આ બાબત અને આ ફોન નજરે પડતા સાવરકુંડલા રેલવે ટિકિટ બુકિંગ ઈન્ચાર્જ હરેશભાઈ કટકિયા દ્વારા મૂળ માલિકને એટલે કે અકબરભાઈ સલીમભાઈ ને મોબાઈલ પરત સોંપવામાં આવ્યો હતો અને માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

## અવસાન નોંધ

સ્વ.નરસિંહભાઈ હિરજીભાઈ ચૌહાણ (નિવૃત્ત આચાર્ય મેઘાણી હાઈસ્કુલ) ના ધર્મ પત્ની શારદાબેન ઉમર વર્ષ ૮૦ જે રાજુભાઈ, પરેશભાઈ (મેઘાણી હાઈસ્કુલ) કેતનભાઈના માતૃશ્રીનું તારીખ ૧૮ ને શનિવારના રોજ દુખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તારીખ ૨૦ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ તેમના નિવાસ્થાન સોરઠીયા બોર્ડિંગ અમરપરા બગસરા ખાતે રાખવામાં આવેલ છે.




# બાબરામાં બાઇકચાલકે હડફેટે લેતા આધેડનું સારવાર દરમિયાન મોત

**બાબરાથી રાજકોટ ખસેડેલ પણ હેમરેજને કારણે સારવાર દરમિયાન મોત થયું**

અમરેલી,

બાબરાનાં ધુડીયાપાટ વિસ્તારમાં રહેતા હારૂનભાઈ દાદનભાઈ પરમારે બાબરા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈ તા.૧૭ રાત્રીનાં સાડા આઠ વાગ્યે કસવા સ્ટીલની કંપનીમાં હતો તે વખતે વાત મળી કે તમારા માસીના દિકરા જાહીદભાઈ મુસાભાઈ મેતર બાબરા ભાવનગર રોડ ઉપર દીલાવર કંપનીમાં પગીની નોકરી કરે છે તેનું ભાવનગર રોડ ઉપર કીંગ હોટલ સામે હાઈવે રોડ ઉપર અકસ્માત થયેલ છે તેમ વાત મળતા મે તેમના દિકરા જહીરભાઈ જાહીદભાઈ મેતરને ફોન કરીને બોલાવેલ અને હું અકસ્માતવાળી જગ્યાએ ગયેલ ત્યાં જોયુ તો માણસો ભેગા થઈ ગયેલા જાહીદભાઈના સાળા ઈનાયતભાઈ દાદનભાઈ સૈયદ પણ ત્યાં હાજર હતા તે વખતે મોટરસાયકલના ચાલકે પોતાની મોટરસાયકલ પાછળથી ભટકાવી મોટરસાયકલ મુકીને ભાગી ગયેલ અને જાહીદભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતા બેભાન થઈ ગયેલ થોડી વાર બાદ તેના દિકરા જાહીરભાઈ મુસાભાઈ મેતર અને કુટુંબીઓ આવી ગયેલ અને ૧૦૮ આવી જતા જાહીદભાઈને સરકારી દવાખાને લઈ ગયેલ ત્યાં ફરજ પરના તબીબે રાજકોટ રીફર કરવાનુ કહેતા તેમના દિકરા તથા સાળા રાજકોટની હોસ્પિટલમાં જાહીદભાઈને લઈ ગયેલ ત્યાં ડોક્ટરે જોઈ તપાસી હેમરેજ થયાનું કહેલુ સવારના પાંચેક વાગ્યા સમયે જાહીદ મુસાભાઈ મેતર ઉ.વ.૫૦ રે. બાબરાવાળાનુ સારવાર દરમિયાન મોત થયેલુ તેમનુ પીએમ કરાવી લાશનો કબજો લીધેલ અને મોટરસાયકલ ચાલક સામે પોલીસમાં જાહેર કર્યુ હતુ. આ અંગે કારણ એવુ છે કે જાહીદભાઈ રાત્રીનાં સમયે ઘરેથી જમીને ચાલીને દિલાવર કંપનીમાં નોકરીમાં આવતા હોય તે વખતે ભાવનગર હાઈવે રોડ ઉપર હડફેટે લેતા હેમરેજ થયાનું જણાવ્યુ છે.










## ધોરણ ૯ થી ૧૨ માં ટ્રાફિક શિસ્ત અને ગીતાનાં પાઠ ભણાવાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદ્દાવાદ્,

રાજ્યસરકારદ્વારા ૨૦૨૪થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ દૃરમિયાન વિદ્યાર્થીઓને પુસ્તક આપવાનું શરૂ કરી દેવાયું છે. ૩૦મી મે સુધી પુસ્તકો શાળામાં પહોંચી જાય તેવી વ્યવસ્થા કરવાનું આયોજન છે. મહત્વનું છે કે શહેરોમાં સર્જાતી ટ્રાફિક સમસ્યાને લઈ નાગરિકોમાં ટ્રાફિક અંગે સમજ કેળવાય તે હેતુથી પ્રથમ વખત ધોરણ ૯ અને ૧૦માં ટ્રાફિકનું પ્રકરણ આવ્યું છે. ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ ૯ અને ૧૦માં સામાજીક વિજ્ઞાનમાં અને ધોરણ ૧૧ અને ૧૨માં ગુજરાતી માધ્યમમાં રોડ સેટી અંગે ચેપ્ટર ઉમેરવામાં છે. જેમાં વાહનચાલકે ખઈ બાજુ વાહન ચલાવવું, સીટ બેલ્ટ પહેરવું, વાહન પાર્ક કરતી વખતે રાખવામાં આવતી સાવચેતી સહિતનું વર્ણન કરવામાં આવ્યું છે. ડ્રાઈવિંગ લાઈસન્સ વયમર્યાદ્દા, લેન ડ્રાઈવિંગ, ચોકડી, ગોળાઈ, વાહન ઓવરટેક કઈ રીતે કરવું, તેની માહિતી આપી મહત્વ પણ સમજાવવામાં આવ્યુંછે.

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૯-૦૫-૨૦૨૪ રવિવાર

# આ દોઢ ડાહ્યા પિત્રોડા જેવા લખ્ખણપૂરા લોકોએ જ કોંગ્રેસની વાટ લગાવી દીધી છે

ઉંમર વધે તેમ માણસોમાં ઠાવકાઈ વધતી હોય છે એવું કહેવાય છે પણ સામ પિત્રોડાના કેસમાં ઉલટું બની રહ્યું હોય એવું લાગી રહ્યું છે. એક સમયે ભારતમાં ટેલીકોમ ક્રાંત સહિતની ક્રાંતિનો યશ જેમને અપાતો હતો એ સામ પિત્રોડા છેલ્લાં કેટલાંક વરસોથી હાસ્યાસ્પદ લવારા પર લવારા કર્યા કરે છે ને છેલ્લા લવારાના કારણે તેમણે ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખપદેથી રાજીનામું ધરી દેવું પડ્યું છે.

સામ પિત્રોડાએ પોતાના હોદ્દા પરથી રાજીનામું ધરી દેવું પડ્યું તેના મૂળમાં એક વીડિયો છે. પિત્રોડા વીડિયોમાં ભારતના વિવિધ વિસ્તારો રહેતા લોકોની અપમાનજનક લાગે એ રીતે સરખામણી કરતા દેખાય છે. વીડિયોમાં સામ પિત્રોડાને એવું કહેતા સાંભળી શકાય છે કે ભારત અત્યંત વિવિધતા ભરેલો દેશ છે. ભારતમાં પૂર્વ વિસ્તારમાં રહેતા લોકો ચીનના લોકો જેવા, પશ્ચિમમાં રહેનારા આરબો જેવા, ઉત્તર ભારતમાં રહેતા લોકો ગોરાઓ જેવા અને દક્ષિણ ભારતમાં રહેનારા આફ્રિકન લોકો જેવા દેખાય છે પણ તેનાથી ફરક પડતો નથી, આપણે બધાં ભાઈ-બહેન છીએ. આપણે તમામ ભાષાઓનું સન્માન કરીએ છીએ. આપણે વિવિધ ભાષા, ધર્મ અને રીતિ-રિવાજોનું સન્માન કરીએ છીએ. આ ભારત પર મારો વિશ્વાસ છે, આ ભારતમાં દરેક વ્યક્તિ બીજી વ્યક્તિનું સન્માન છે અને દરેક વ્યક્તિ કોઈ ને કોઈ જગ્યાએ થોડુંક સમાધાન કરે છે.

પિત્રોડા સાહેબે આ જ્ઞાન કેમ પિરસ્યું તેની તેમને જ ખબર પણ ભાજપે આ મુદ્દાને ઉપાડી લીધો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પિત્રોડાના લવારાને ચૂંટણી પ્રચારનો મુદ્દો બનાવીને સવાલ કર્યો કે, મારા દેશમાં લોકોના રંગ પરથી તેમની યોગ્યતા નક્કી થશે? રંગભેદની રમત રમવાનો અધિકાર શેહઝાદાને કોણે આપ્યો છે? બંધારણને માથે લઈને નાચનારા લોકો મારા દેશનું અપમાન કરી રહ્યા છે.

મોદીએ સામ પિત્રોડાની ટીકા કરી એટલે ભાજપના બીજા નેતા પણ મચી પડ્યા ને હોહા થઈ ગઈ. પિત્રોડાએ વાટેલા ભાંગરાના કારણે સોશિયલ મીડિયા પર પસ્તાળ પડી એટલે કોંગ્રેસે હાથ ખંખેરી નાંખ્યા. કોંગ્રેસ વતી જયરામ રમેશે ચોખવટ કરી કે, સામ પિત્રોડાએ ભારતની વિવિધતા વિશે જે કહ્યું એ ખોટું છે અને કોંગ્રેસને તેની સાથે લેવાદેવા નથી. રમેશની ચોખવટના કલાકોમાં તો પિત્રોડાના રાજીનામાની વાત આવી ગઈ.

પિત્રોડાએ જે વાત કરી એ આઘાતજનક જ નહીં પણ અપમાનજનક પણ છે. આ દેશનાં લોકો બીજા દેશનાં લોકો જેવાં દેખાય છે એવું કહીને પિત્રોડા શું સાબિત કરવા માગે છે તેની તેમને જ ખબર પણ કોઈ પણ પ્રાંતના વ્યક્તિને તેના દેખાવના આધારે મૂલવવા એ સભ્યતાની નિશાની તો નથી જ. પિત્રોડા જેવા માણસ આવી અસભ્યતા આચરે એ આઘાતજનક કહેવાય. આપણે રાજકારણીઓ પાસેથી સભ્ય વર્તનની અપેક્ષા નથી રાખતા પણ સામ પિત્રોડા રાજકારણી પછી બન્યા, એ પહેલાં એક ટેકનોક્રેટ ને બિઝનેસમેન હતા એ જોતાં તેમની પાસેથી આ પ્રકારની વાતોની અપેક્ષા નહોતી.

પિત્રોડાએ પોતાની મરજીથી રાજીનામું આપ્યું હોવાનું કહ્યું છે પણ કોંગ્રેસે હાથ ખંખેર્યા ને કલાકોમાં તો પિત્રોડા સાહેબને ગડગડિયું પકડાવી દેવાયું તેના પરથી સ્પષ્ટ છે કે, કોંગ્રેસે ડેમેજ કંટ્રોલ માટે રાજીનામું ધરી દીધું છે. પિત્રોડાને રાજીનામું આપવાની ફરજ એટલે પડાઈ કે, પિત્રોડાએ પંદર દિવસના ગાળામાં આ બીજો મોટો ભાંગરો વાટ્યો છે. આ પહેલાં સામ પિત્રોડાએ વારસાઈ ટેક્સ અંગે નિવેદન કરીને ભાંગરો વાટી નાંખ્યો હતો. પિત્રોડાએ દાવો કરેલો કે, અમેરિકામાં વારસામાં મળતી મિલકતો પર ૫૦ ટકા ટેક્સ વારસાઈ ટેક્સ લાગે છે અને આ ખૂબ જ રસપ્રદ કાયદો છે. ભારતમાં એવો કોઈ કાયદો નથી પણ મને લાગે છે કે આ મુદ્દે ચર્ચા થવી જોઈએ.

લોકસભાની ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો હતો જ ત્યારે પિત્રોડાએ કરેલા બફાટના કારણે ભાજપને મોકો મળી ગયો. ભાજપે આ વાતને ટ્વિસ્ટ કરીને કોંગ્રેસ દેશમાં વારસાઈ ટેક્સ લાવવા માગે છે એવો મુદ્દો ઊભો કરી દીધો અને તમે સંતાનોને સંપત્તિ આપી જાઓ તેના પર પણ ટેક્સ લગાવીને લૂંટ કરવા માગે છે એવો પ્રચાર શરૂ કરીને રાહુલ ગાંધીએ લોકોની સંપત્તિનો સર્વે કરવાની વાત કરી તેને ભાજપ એ રીતે રજૂ કરેલી કે, કોંગ્રેસ સત્તામાં આવશે તો હિંદુઓ પાસેથી સંપત્તિ પડાવીને મુસ્લિમોને આપશે. પિત્રોડાએ વારસાઈ ટેક્સની વાત કરીને ભાજપને કોંગ્રેસ પર પ્રહારો કરવાની તક આપી દીધી. એ વખતે પણ કોંગ્રેસે પિત્રોડાના લવારાના મુદ્દે હાથ ખંખેરીને ચોખવટો કરવી પડેલી. આ ચોખવટોમાંથી કોંગ્રેસીઓ પરવાર્યા નથી ત્યાં પિત્રોડાઓ નવી મોંકાણ ઉભી કરી દીધી એટલે કોંગ્રેસે રવાના કરવા સિવાય બીજો આરો જ ના રહ્યો.

પિત્રોડા નહેરુ-ગાંધી ખાનદાનના ખાસ છે કેમ કે રાજીવ ગાંધી વડા પ્રધાન બન્યા ત્યારે પિત્રોડા તેમના સલાહકાર હતા. રાજીવ ગાંધીને યશ અપાવવામાં પિત્રોડાનું મોટું યોગદાન છે તેથી ૧૯૮૦ના દાયકાથી જ પિત્રોડા નહેરુ-ગાંધી ખાનદાનના ખાસ માણસ બનીને રહ્યા. આ સંજોગોમાં લોકસભાની ચૂંટણીનો પ્રચાર ચાલે છે ત્યાં સુધી પિત્રોડાને બાજુ પર મૂકાય ને પછી પાછા લઈ અવાય એવું બને. ભૂતકાળમાં મણિશંકર ઐયર સહિતના લવરીબાજોના મુદ્દે કોંગ્રેસે એવું કરેલું જ છે એ જોતાં કોંગ્રેસ એ ઈતિહાસ દોહરાવે એવી શક્યતા નકારી ના શકાય.

જો કે પિત્રોડા છેલ્લાં કેટલાંક વરસોથી જે રીતે બફાટ પર બફાટ કર્યા કરે છે એ જોતાં કોંગ્રેસે તેમને પાછા લાવવાનું જોખમ લેવા જેવું નથી. પિત્રોડાએ આ પહેલાં શીખ વિરોધી રમખાણોથી માંડીને રામમંદિર સુધીના મુદ્દે બકવાસ પર બકવાસ કરીને કોંગ્રેસને બહુ નુકસાન કર્યું છે. પિત્રોડાએ રામમંદિર વિશે એવું કહેલું કે, ભારતમાં બેરોજગારી, મોંઘવારી અને શિક્ષણ જેવી સમસ્યાઓ વિશે કોઈ વાત કરતું નથી. દરેક વ્યક્તિ રામ, હનુમાન અને મંદિરની વાત કરે છે. મંદિર બનાવવવાથી કંઈ રોજગારી નથી મળવાની.પિત્રોડાએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી વખતે શીખ વિરોધી રમખાણો મુદ્દે બખેડો ખડો કરેલો. ભાજપે રાજીવ ગાંધીને ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોના માસ્ટરમાઈન્ડ ગણાવ્યા તેની સામે પિત્રોડાએ સવાલ કરેલો કે, અત્યારે ૧૯૮૪ની વાત શું કરવા કરવી જોઈએ ? ભાજપે પાંચ વર્ષમાં શું કર્યું છે તેની વાત કરો.પુલવામામાં થયેલા આતંકી હુમલાના જવાબમાં ભારતે પાકિસ્તાનના બાલાકોટમાં એરસ્ટ્રાઈક ત્યારે પિત્રોડાએ કહ્યું હતું કે, કેટલાક આતંકીઓએ કર્યો હુમલો તેની સજા આખા પાકિસ્તાનને કેમ આપવામાં આવી રહી છે? આ પિત્રોડા સાહેબે કરેલું ચિતરામણ છે ને આવાં ચિતરામણોએ જ કોંગ્રેસની વાટ લગાડી છે

# સાવરકુંડલાના ધજડી પાટીયા પાસે પ્રૌઢ રીક્ષાચાલક ઉપર હુમલો કર્યો

## અજાણ્યા શખ્સે પાઇપ વડે મારમારી ફેકચર કરી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) સાવરકુંડલા તાલુકાના ધજડી ગામના પાટીયા પાસે ચતુરભાઈ જમનાદાસ સરૈયાઉ.વ.૫૦રહેધજડીવાળાપોતાની છકડો રિક્ષામાં સબમરસીબલ મોટર તેમજ મોટરના પાઈપ અને ખાતર ભરી સાવરકુંડલાથી ધજડી પોતાના ગામે આવવા માટે નિકળેલ તે દરમ્યાન ધજડી ગામના પાટી પાસે પહોંચતા એક નંબર પ્લેટ વગરની વાદળી કલરની બાઈક ઉભેલ હોય અને તેની બાજુમાં સફેદ કલરનો રૂમાલ મોઢે બાંધી એક અજાણ્યો શખ્સ ઉભેલ હોય અને સફેદ શર્ટ અને વાદળી કલરનું પેન્ટ પહેરેલ હોય. જે અચાનક દોડી આવી ને ચતુરભાઈને ડાબા હાથે કલાઈ ઉપર મારમારી રીક્ષા ઉપરથી નીચે ઉતારી આ અજાણ્યા શખ્સને કહેલ કે મને શુ કામ મારે છે. તેવું કહેતાં ઉશ્કેરાઇ ડાબા અને જમણા પગની પીંડી ઉપર પાઈપ વડે આડેધડ ઘા મારી જતા જતા કહેલ કે કાલ સાંજ સુધીમાં છોકરી હાજર કરી દેજે નહીંતર તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી ડાબા હાથે ફેકચર કરી હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### પીજીવીસીએલના કર્મચારીએ રૂા.૧૪૦૦નું લાઇટબીલ બનાવ્યાનું મનદુઃખ રાખી

# કોવાયામાં જાફરાબાદ પીજીવીસીએલના કર્મચારીને મારમારીને ધમકી આપી

## ફરજમાં રૂકાવટ કરી મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) જાફરાબાદ પીજીવીસીએલના કર્મચારી નિકુજભાઈ હેમરાજભાઈ સાવલીયા ઉ.વ.૩૦ પોતાની નોકરી ઉપર હોય અને કોવાયા ગામે ૧૦-૩૦ કલાકે ટીડાભાઈ કાનાભાઈ વાઘ રહે. કોવાયાવાળાના ગ્રાહક નં.૮૫૪૮૩૦૦૫૧૦ વાળાનું લાઈટ બીલ રૂા.૧૪૦૦નું બનાવેલ હોય. જે વાતનું મનદુઃખ રાખી બપોરે ત્રણેક વાગ્યે દિપક બાબુભાઈ વાઘ રહે. કોવાયા વાળાએ પ્રથમ મુળાભાઈ સુખાભાઈ લાખણોત્રાની દુકાનથી આગળ ભાકોદર તરફ જતાં રોડ પાસે નિકુંજભાઈ સાથે દિપકે ઝપાઝપી કરી ડાબી બાજુના કાન ઉપર એક જાપટ મારી ગાળો બોલી ફરજમાં રૂકાવટ કરી ટાંટીયા ભાંગી નાખ્યાની ધમકી આપી ગ્રામ પંચાયત ઓફિસમાંથી પાઈપ કાઢી નિકુંજભાઈ સામે ઉગામી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારીના પ્રેમપરામાં પરિણીતાનું ગળાફાંસો ખાઇ જતાં મોત થયું

## પતિએ ફોનમાં વાત કરવાની ના પાડતા લાગી આવતા પગલુ ભર્યુ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) ધારી પ્રેમપરામાં રહેતી દયાબેન ધીરૂભાઈ કુંવારદા ઉ.વ.૩૫ અવાર નવાર ફોનમાં તેના બેન અને અન્યની સાથે વાત કરતી હોય. જેથી પતિએ ફોનમાં વાત કરવાની ના પાડતા પોતાને લાગી આવતા પોતે પોતાના ઘરે છતના હુકમાં દોરડું બાંધી ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયાનું પતિ ધીરૂભાઈ ગોગનભાઈ કુંવારદાએ ધારી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# ધારીના પ્રેમપરામાં પ્રૌઢને ધમકી આપી નુકશાન કર્યુ

## ચાર શખ્સોએ ટ્રેકટરના બોનેટમાં ધારીયાના ઘા મારી નુકશાન કર્યુ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) ધારીના પ્રેમપરામાં રહેતાં સાર્દુળભાઈ બેચરભાઈ બાંભણીયા ઉ.વ.૪૮ પ્રેમપરા ગ્રામપંચાયતનો પાણી ટાંકો તેના વિસ્તારમાં પાણી ન આવતુ હોય જેથી પાણી ભરી લઈ જતાં હોય. જયદેવ દેહાભાઈ ધાધલ, જયપાલ દેહાભાઈ ધાધલના ઘરે મકાનનું કામ ચાલુ હોય જેથી તેઓને પાણીનો ટાંકો લઈ જવો હોય. જેથી સાર્દુળભાઈને ટાંકો લેવા નહીં આવવા જણાવી ફોનમાં ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા જયદેવ દેહાભાઈ, જયપાલ દેહાભાઈ ધાધલ, જયદિપ છોટીયો સોલંકી અને ઢીકુ વાઢાળા સાર્દુળભાઈના ઘર સામે આવી ગાળો બોલી ડેલા તથા ટ્રેકટરના બોનેટમાં અને ટ્રેકટરની ઘોડીના રસામાં ધાર્યાના ઘા મારી રૂા.૫૫૦૦નું નુકશાન કરી ધમકી આપ્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### રિસામણે બેસવા બાબતે થયું ધિંગાણું

# જાફરાબાદમાં બે જુથ વચ્ચે મારામારી

## લાકડી અને ઢીકાપાટુ વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)જાફરાબાદ મરીનના લાલબતી વિસ્તારમાં મધુબેન હરિભાઈ બારૈયા ઉ.વ.૩૦ના ભાઈ રવજીભાઈના પત્ની મંજુબેન મધુબેન સાથે રહેતા હોય અને તેના ભાઈ સાથે રહેવા માંગતા ન હોય અને સાસુ-સસરાથી અલગ અલગ રહેવા માંગતા હોય. મંજુબેનને રત્નબેન ડાયાભાઈ બાંભણીયા મધુબેનના ઘરેથી મંજુબેનને તેડી ગયેલ હોય તેનું મનદુઃખ રાખી રત્નબેન ડાયાભાઈ બાંભણીયા, હંસાબેન પ્રકાશભાઈ શિયાળ, કુંવરબેન મગનભાઈ બારૈયા, લાલજી ડાયાભાઈ બાંભણીયાએ ગાળો બોલી વારાફરતી લાકડી વડે મધુબેનને હાથે અને વાસાંના ભાગે મારમારી ધમકી આપી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની જાફરાબાદ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.જયારે સામાપક્ષે મધુબેન હરિભાઈ બારૈયાના પત્ની તથા તેનો દિકરો લાલજી ઘરે હતા. તે વખતે મેઘા માણસુરભાઈ, મંજુબેન મેઘાભાઈ મકવાણા, મધુબેન હરિભાઈ, વાલીબેન પ્રતાપભાઈ બારૈયાએ મધુબેનના ઘરે આવી તેના ભાણેજ મંજુબેન રિસામણે હોય જેથી સારૂ નહીં લાગત ચારેય જણાએ વારાફરતી આવી મધુબેનના દિકરા તથા પત્ની રત્નબેનને ગાળો બોલી ઢીકાપાટુનો મારમારેલ હોય. જેનું મનદુઃખ રાખી તા. ૧૭-૫ના સવારે ૧૦-૩૦ વાગ્યે દિકરા લાલજીને રવજી મેઘાભાઈ, મનોજ મેઘાભાઈ મકવાણાએ મધુબેનની બોટમાં આવી દિકરા લાલજીને ગાળો બોલી ઢીકાપાટુ વડે મારમારી રવજીએ ગળે ટુંકો દઈ જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગલનો કર્યાની જાફરાબાદ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીના ચિતલમાં યુવાનને ધમકી આપતા ફીનાઇલ પી લીધુ

## સારવાર માટે ચિતલ સરકારી દવાખાને ખસેડાયો

અમરેલી, (ક્રાઇમ રિપોર્ટર)અમરેલી તાલુકાના ચિતલ જીન પ્લોટમાં રહેતા વિપુલભાઈ ઉર્ફે બુચીયો ભલાભાઈ વાળા ઉ.વ.૩૩ ગામના સ્મશાનમાં લીમડા નીચે બાકડા ઉપર બેઠેલ હોય તે વખતે તેના ગામના વિપુલ મુળજીભાઈ સોલંકી તેની પાસે આવી ગામમાં આવ અને મારી બાઈક પાછળ બેસી જા જેથી જવાની ના પાડતા વિપુલને બે લાફા મારી ગાળો બોલી ધમકી આપતા પોતે પોતાના ઘરે ફિનાઈલ પી જતાં સારવાર માટે ચિતલ સરકારી દવાખાને ખસેડવામાં આવેલ અને વિપુલ મુળજીભાઈ સોલંકી સામે મારમારી ધમકી આપ્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમદાવાદમાં જમીનનાં ખોટા દસ્તાવેજ બનાવી ૧૨ કરોડની ખંડણી માંગનારા ૨ ની ધરપકડ

# બગસરામાં ૫૫ વર્ષે શ્રીરઘુકુળના આંગણે શ્રીવલ્લભકુળની પધરામણી

## શ્રી ચંદ્રહાસભાઈ બશિયાના ૬૫મા જન્મદિવસે અઢારે વરણની ઉપસ્થિતી



બગસરા,(રૂપેશ રૂપારેલિયા) આજથી ૫૫ વર્ષ પહેલા શ્રીજીતેન્દ્ર કુમાર જશાભાઈ બસીયાના ગઢમા અવારનવાર સતસંગ કરવામાં આવતો અને ગઢમા કમરીબા પુષ્ટિમાર્ગીય હોવાથી આજથી ૫૫વર્ષ પહેલા બગસરા મોટી હવેલીના મહોદયા પ.પૂ.અ.સૌ.શ્રીમહાલક્ષ્મીજી(મોરબા) બેટીજી અવારનવાર ગઢમા સતસંગ કરવા પધારતા ત્યારે આજ પરિવારના બગસરાના ઈતિહાસ વિદ અને રામાયણના અભિયાષી બગસરા સુંદરકાંડ પરિવારના મોભી તેમજ બગસરા શ્રીમેઘાણી સાહિત્ય વર્તુળના મંત્રી શ્રીચંદ્રહાસભાઈ બશિયાના ૬૫મા જન્મદિવસે અઢારે વરણની ઉપસ્થિતમા બગસરા મોટી હવેલીના પ.પૂ.અ. સૌ.શ્રીસરલા વહુજી પ.પૂ.અ.સૌ.શ્રી રૂપાવહુજી તેમજ પૂ.પા.ગો. ૧૦૮ ચિરંજીવિશ્રી રાશેશ્વરજી બાવાશ્રીએ પધરામણી કરેલ હતી આ અવસર ઉપર પૂ.પા.ગો.૧૦૮ ચિરંજીવિશ્રી રાશેશ્વરજી બાવાશ્રીએ જીવનમા સતસંગની જરૂરિયાત ઉપર પોતાની આગવી શૈલીમાં વચનામૃત આપેલ તેમજ બગસરા મોટી હવેલીના કિર્તનિયાઓએ મધુરકંઠે કિર્તનનું રસપાન કરાવેલ તેમજ શ્રીચંદ્રહાસભાઈ પોતાના પ્રવચનમાં સુંદરકાંડની ચોપાઈ અબ મોહે ભા ભરોસા હનુમંતા બિનુ હરિકૃપા મિલે નહીં સંતા ની ચોપાઈથી જીવનમાં સતસંગ કેટલું મહત્વ ધરાવે છે તેની ઉપર પોતાનું વક્તવ્ય આપેલ તેમજ બગસરા મોટી હવેલીના કિર્તનકાર શાસ્ત્રીશ્રી ઈન્દુકુમાર ભટ્ટે ચંદ્રહાસભાઈના જન્મદિવસ પ્રસંગે શ્રીમદ્ ભાગવતજીના પંદરમાં અધ્યાયના શ્લોકથી સમાજની અંદર દૂધમાં જેમ સાકર ભળીજાય તેમ અઢારે વરણની સાથે રહી પરમ બ્રહ્મ તરફની ગતિમાં કેમ ચાલવું તેનો ઉપદેશ આપી અનેક લોકોને બ્રહ્મ તરફ ચાલતા કરવાનો શ્રેય ચંદ્રહાસભાઈને આપેલ ત્યાર બાદ સંતવાણી સહિતના કાર્યક્રમ યોજાયેલ આ પ્રસંગમાં પધારેલા મહેમાનો તેમજ વિશાળ મિત્ર મંડળ દ્વારા ચંદ્રહાસભાઈને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવેલ હતી.

# ચલાલામાં રિસામણે બેઠેલ પરિણીતા ઉપર હુમલો

## સાસરીયાઓએ મારમારી ધમકી આપી ત્રાસ આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) ચલાલામાં રહેતી સરોજબેન દલસુખભાઈ ગોહિલ ઉ.વ.૨૬ છેલ્લા ૪ મહિનાથી પોતાના માવતરના ઘરે રિસામણે હોય પતિ રોહિત મનસુખભાઈ હેલૈયા હાથમાં લાકડાનો બડો લઈ તેમજ દિયર રાહુલ મનસુખભાઈ હેલૈયા હાથમાં લોખંડની પાઈપ ધારણ કરી પતિ તથા દિયરે સરોજબેનને ગાલ ઉપર એક લાફો મારી દેતા નીચે પડી ગયેલ અને મનસુખ જેસાભાઈ હેલૈયાએ મારા છોકરા રાવણ છે.બીજીવાર વારો લઈ લઈશું તેવું ધમકી આપી દિયર અજીત મનસુખભાઈ હેલૈયા સહિત તમામ આરોપીઓએ સરોજબેનને શારીરિક અને માનસિક દુઃખ ત્રાસ આપી એકબીજાએ મદદગારી કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ ગુનો કર્યાની ચલાલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બનાસકાંઠામાં ભારે પવન ફુંકાવા સાથે વરસાદને પગલે ખેડુતોને મોટુ નુકશાન સર્જાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
બનાસકાંઠા,તા.૧૮
બનાસકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદ અને ભારે પવન ફૂંકાવાને લઈ બાગાયતી ખેતીના પાકોમાં નુકસાન થવા પામ્યું છે. ખાસ કરીને પપૈયાના પાકમાં નુકસાન થવા પામ્યું છે. આ ઉપરાંત બાજરીના પાકમાં પણ નુકસાન થવા પામ્યાના સમાચાર છે. ભારે પવનને પપૈયા જેવા બાગાયતી પાકમાં મોટા નુકસાનને વેઠવાનો વારો ખેડૂતોને આવ્યો છે.બનાસકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદ અને ભારે પવન ફૂંકાવાને લઈ બાગાયતી ખેતીના પાકોમાં પણ નુકસાન પામ્યું છે. ખાસ કરીને પપૈયાના પાકમાં નુકસાન થવા પામ્યું છે. આ ઉપરાંત બાજરીના પાકમાં પણ નુકસાન થવા પામ્યાના સમાચાર છે. ભારે પવનને લઈ પપૈયા બાગાયતી પાકમાં મોટા નુકસાનને વેઠવાનો વારો ખેડૂતોને આવ્યો છે.ખેડૂતોની મહિનાઓની મહેનત પળવારમાં જ નષ્ટ થઈ જવા પામી છે. બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર અને તેની આસપાસના વિસ્તારોમાં ખેડૂતોને મોટા નુકસાનને વેઠવાની સ્થિતિ સર્જાઈ છે. ખેડૂતોને માટે પડતા પર પાટા સમાન હાલના બદલાયેલા વાતાવરણથી સર્જાઈ છે.

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા. ૧૯.૫.૨૦૨૪ રવિવાર ,સંવંત ૨૦૮૦ વૈશાખ સુદ અગિયારસ, હસ્ત નક્ષત્ર , વજ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે.

## વાસ્તુશાસ્ત્રમાં સૌ પ્રથમ જમીનની ઉર્જા જોવાને મહત્વ અપાયું છે

ગઈકાલે મંગળ અને રાહુ મીનમાં સમાન ડિગ્રીએ યુદ્ધની સ્થિતિમાં હતા હજી પણ અંશાત્મક રીતે ખુબ નજીક છે મંગળ એ ભૂમિ છે જેને રાહુ અસ્થિર કરવા પ્રયત્ન કરે છે તો આ અંગારક યોગ વચ્ચે અનેક ક્રૂર હત્યાઓ સામે આવી રહી છે તો મારામારીના હાઈ પ્રોફાઈલ કેઈસીસ સામે આવી રહ્યા છે અને ગઈ કાલે લખ્યા મુજબ સેંકડો મિત્રો તેમના વિશિષ્ટ સ્વપ્નનો નિર્દેશ કરી રહ્યા છે. સ્વપ્ન સંકેતની કડીમાં અનેક સ્વપ્ન રહસ્ય સામે આવી રહ્યા છે અને જીવતા જીવન અને સ્વપ્ન જીવનની ભેદરેખા જાણે નાબૂદ થઈ રહી હોય તેવું લાગી રહ્યું છે ખાસ કરીને જે મિત્રોની જન્મકુંડળીમાં રાહુ પ્રભાવી બને છે તેમને પાણી સ્વરૂપે, મંદિર સ્વરૂપે, ધજા સ્વરૂપે કે સર્પ સ્વરૂપે સંકેત પ્રાપ્ત થઈ રહ્યા છે. કેટલાક મિત્રો તેઓ જ્યાં રહે છે તે જગ્યાના ઈતિહાસ સાથે જોડાઈ ગયા હતા અને અનેક સંકેતો



સામે આવી રહ્યા છે કેમ કે જમીનનો ઈતિહાસ બહુ જૂનો હોય છે અને જે તે જમીન પર જે બનાવો બન્યા હોય તે બનાવ તે જમીનની ઉર્જા સાથે જોડાઈ ગયા હોય છે માટે જ વાસ્તુશાસ્ત્રમાં પણ સૌ પ્રથમ જમીનની ઉર્જા જોવાને મહત્વ અપાયું છે કેમ કે જે જગ્યા એ સારા માઠા બનાવ બન્યા હોય તેની ઉર્જા જમીનમાં સચવાયેલી હોય છે અને જે તે સમયે ત્યાં રહેનારને તેની પ્રતીતિ કરાવતી હોય છે અને એક રહસ્યમય દુનિયામાં સ્વપ્ન સ્વરૂપે દર્શન કરવતી હોય છે! રાહુ અને કેતુ વચ્ચે જયારે બધા ગ્રહો આવી જાય ત્યારે તે કુંડળી પર રાહુ કુંડળી મારી બેઠો હોય તેમ અનેક લાભ રોકે છે તેવા સમયે યોગ્ય સાધનાથી રાહુની ભ્રામક ચુંગાલમાંથી ગ્રહોને બહાર લાવવા જોઈએ જેથી જન્મકુંડળીનું હીર પ્રગટ થઈ શકે અને વ્યક્તિનો જન્મ જે આશય માટે થયો હોય તે તરફ તે પ્રયાણ કરી શકે!

મેષ (અ,લ,ઈ) : તબિયતની કાળજી લેવી,ખાવા પીવા માં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.
વૃષભ (બ,વ,ઉ) : સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય.
મિથુન (ક,છ,ઘ) : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ,પ્રગતિ થાય,આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.
કર્ક (ડ,હ) : સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક પ્રાપ્ત થાય,મિત્રોની મદદ મળી રહે.
સિંહ (મ,ટ) : તમારા યોગ્ય વાણી-વર્તન થી અટકલેલાં કાર્ય પૂર્ણ કરી શકો,સામી વ્યક્તિ પાસે થી કામ લઈ શકો ,શુભ દિન.
કન્યા (પ ,ઠ ,ણ) : તમારા ક્ષેત્ર માં તમે આગળ વધી શકો,રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.
તુલા (ર,ત) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યા એ નાણાં રોકી શકો .
વૃશ્ચિક (ન ,ય) : વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ ): નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય,ધંધા રોજગાર માં સારું રહે,પ્રગતિ થાય.
મકર (ખ,જ) : ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથમાં આવે.
કુંભ (ગ ,સ,શ) : ભ્રમની સ્થિતિઓમાં થી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.

### સેવાના સરનામે ઉમળકા સાથે

# અમરેલી સારહિ તપોવન આશ્રમમાં દિકરીનો જન્મ દિન ઉજવી રૂપિયા ૫૧૦૦નું દાન આપ્યું

## તપસ્વીઓને કાનપરિયા પરિવારે ભોજન કરાવ્યું



અમરેલી,સેવાને સરનામે–ઉમળકા સાથે શ્રી નીખીલભાઈ કાનપરીયા ની સુપુત્રી (હિવા) નાં ત્રીજા જન્મ દિવસ નિમિતે સારહી યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહી તપોવન આશ્રમ મા રહેતા તપસ્વીશ્રીઓ ને મિસ્ટાન ભોજન પ્રસાદ કરાવેલ અને સાથોસાથ રૂ. ૫,૧૦૦/- નું અનુદાન તા. ૧૭/૦૫/૨૦૨૪ નાં રોજ આપેલ કાનપરિયા પરીવાર ઉપસ્થિત રહેલ હતું. સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા - પ્રમુખશ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી. સારહી પરીવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૨૫ થી ૧૫૦૪ મગફળી ૯૭૫ થી ૧૨૫૫

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૬૬-૧૨૪૦
શિંગમોટી-૯૭૫-૧૨૫૫
ધાણી-૧૧૧૫-૧૭૦૦
તલસફેદ-૧૭૦૦-૩૧૫૯
તલકાળા-૨૩૪૫-૩૩૫૨
એરંડા-૧૦૨૫-૧૦૬૮
ઘઉંટુકડા-૪૫૬-૬૧૨
ઘઉંલોકવન-૪૫૦-૬૦૭
મરચાલાંબા-૧૦૦૦-૩૦૦૦
ચણા-૮૫૦-૧૨૭૧
કપાસ-૯૨૫-૧૫૦૪
રાયડો-૯૨૨-૧૦૦૦
જીરૂ-૨૨૦૦-૫૭૬૧
ધાણા-૧૧૨૫-૧૫૭૫
સોયાબીન-૮૩૦-૮૫૬
રાય-૯૭૫-૧૦૭૦
રાયડો-૯૨૨-૧૦૦૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૨૦-૨૮૦
રીંગણા-૪૦૦-૫૦૦
ફલાવર-૩૦૦-૪૦૦
કોબીઝ-૨૦૦-૨૬૦
ટમેટાં-૨૬૦-૩૧૦
વટાણા-૧૬૦૦-૧૮૦૦
ગાજર-૨૦૦-૨૫૦
ગલકા-૨૨૦-૩૨૦
કાકડી-૨૧૦-૩૧૦
ગુવાર-૫૦૦-૬૦૦
દુધી-૧૬૦-૨૧૦
તુરીયા-૪૧૦-૬૧૦
ભીડો-૩૦૦-૫૦૦
આદુ-૨૪૦૦-૨૬૦૦
કોથમીર-૩૦૦-૪૦૦
મેથીભાજી-૬૩૦-૭૩૦
ટીંડોરા-૩૦૦-૪૦૦
લીમડોમીઠો-૧૩૦-૧૭૦
મરચાલીલા-૨૦૦-૫૦૦
મકાઈ-૪૦૦-૪૫૦
લીંબુ-૮૦૦-૧૦૦૦
પાલક-૪૩૦-૫૩૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૨૫-૫૨૩
જુવાર-૫૭૫-૮૬૦
ઘઉં-૪૯૦-૫૧૦
મેથી-૧૦૦૦-૧૦૦૦
ચણા-૭૦૦-૧૨૭૫
મકાઈ-૫૩૨-૫૩૨
મગ-૧૭૮૦-૧૮૬૬
શીંગ-૧૧૦૧-૧૨૧૦
કપાસ-૧૨૫૧-૧૪૫૮
મગ-૧૭૮૦-૧૮૬૬
તલસફેદ-૨૨૦૦-૨૮૨૪

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૬૧-૬૦૦
ડુંગળીલાલ-૧૫૦-૩૧૯
ડુંગળીસફદે-૨૦૦-૩૧૬
તલસફેદ-૨૦૦૦-૨૮૬૩
તુવેર-૬૪૮-૨૨૮૨
જીરૂ-૫૭૮૦-૫૭૮૦
ચણા-૧૦૩૦-૧૨૫૯
નાળીયેર-૫૩૧-૧૮૨૮
મેથી-૮૫૦-૧૧૨૮
કપાસ-૧૧૯૮-૧૩૪૮
મગ-૧૧૬૫-૧૮૨૪

**બાબરા**
કપાસ-૧૨૦૦-૧૪૭૦
મગ-૧૪૮૦-૧૭૫૦
ચણા-૧૧૨૦-૧૩૦૦
ઘઉં-૪૮૩-૫૫૭
એરંડા-૯૪૦-૧૦૦૦
જીરૂ-૩૯૦૫-૫૬૬૫
મગફળી-૧૧૨૫-૧૧૫૫
તલ-૨૪૦૦-૨૮૦૦

**ધારી**
કપાસ-૧૨૪૦-૧૩૫૫
તલસફેદ-૨૬૫૫-૨૬૫૫
શીંગફાડા-૧૨૩૫-૧૪૨૬
એરંડા-૧૦૭૦-૧૦૭૦
ચણા-૧૨૩૨-૧૨૩૨
ઘઉં-૩૮૪-૫૧૫
સફેદચણા-૧૫૯૫-૧૫૯૫
જુવાર-૫૮૧-૫૮૧
સોયાબીન-૮૪૫-૮૪૫

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૨૫૧
તલસફેદ-૨૬૦૦-૩૧૧૫
જીરૂ-૪૦૦૦-૫૮૦૦
તુવેર-૧૯૦૦-૨૨૪૫
કપાસ-૧૩૫૦-૧૫૦૦
ઘઉં-૪૫૦-૫૫૩
એરંડી-૧૦૫૦-૧૧૦૭
મગ-૧૬૫૦-૧૮૦૯
ચણા-૧૨૦૦-૧૨૭૧
રાય-૯૯૩-૧૫૧૫
જુવાર-૩૫૦-૪૩૫

**ખાંભા**
કપાસ-૧૧૨૫-૧૩૭૬
ઘઉં-૫૩૫-૫૩૫
ધાણા-૧૦૫૧-૧૦૫૧
એરંડા-૧૦૫૨-૧૦૫૨
ચણા-૧૨૨૫-૧૨૨૫
તુવેર-૧૮૦૦-૧૮૦૦
તલસફેદ-૨૭૫૨-૨૮૦૨
મેથી-૧૦૩૫-૧૦૩૫

**બગસરા**
કપાસ-૧૧૦૦-૧૪૦૦
મગફળી-૯૯૦-૧૧૫૦
તલસફેદ-૨૪૦૦-૨૬૩૪
ઘઉંલોકવન-૪૭૪-૪૭૪
ઘઉંટુકડા-૪૦૦-૫૦૮
ડુંગળી-૨૫૦-૨૫૦
ચણા-૧૧૧૧-૧૨૦૨
શીંગફાડા-૧૪૯૯-૧૫૩૫
મગ-૧૬૦૦-૧૭૫૦
તુવેર-૧૮૫૦-૨૦૨૫
લસણ-૧૩૦૦-૧૪૧૫

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૦૦-૫૦૦
દાડમ-૧૪૦૦-૧૮૦૦
મુસંબી-૬૦૦-૧૧૦૦
સંતરા-૧૬૦૦-૨૧૦૦
કીવી-૪૦૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૭૦૦-૨૪૦૦
કેરી-૧૦૦૦-૨૨૦૦
ટેટી-૨૦૦-૪૦૦
કેળા-૩૦૦-૫૫૦
પોપૈયા-૪૦૦-૬૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૪૦૦-૩૬૦૦
અનાનસ-૧૪૦૦-૧૮૦૦

**લીલીયા**
કપાસ-

## અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૪૩.૨
ન્યુનતમ તાપમાન ૨૬.૨
ભેજનું પ્રમાણ ૭૧
પવનની ગતિ સરેરાશ-.૪.૮

# મોટાભંડારીયાના મારામારીના કેસમાં આરોપીઓ નિર્દોષ

## વકીલશ્રી એન. જી. બગડાની દલીલો ગ્રાહ્ય રાખી



અમરેલી,
મોટા ભંડારિયા ગામના આરોપીઓ (૧) મનીષાભાઈ વિઠ્ઠલભાઈ માધડ (૨) લક્ષ્મીબેન વિઠ્ઠલભાઈ માધડ (૩) વિઠ્ઠલભાઈ સોમાભાઈ માધડ ને અમરેલીના મહે. બીજા અધિક ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબદ્વારા છોડીમૂકવાનોહુકમ કરવામાં આવેલ છે. આ કેસની ફરિયાદ પ્રમાણે ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદી રસ્તા ઉપર આવતા હતા અને ફરીયાદીને ઊભો રાખેલ અને તેના મો. સા. ઉપરથી ઉતરીને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગેલ અને ગાળો દેવાની ના પાડતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ઢીકા-પાટુનો માર મારવા લાગેલા હતા અને ત્યારબાદ રાડો-રાડ નાખતા આરોપીઓએ કહેલ કે તું કોઈ પોલીસને કહીશ તો તને જાનથી પતાવી દઈશું તેમ કરી ગુન્હો કરી, આરોપીઓ વિરુદ્ધ ફરીયાદીએ ફરિયાદ આપેલી.આ કામે ફરિયાદ દાખલ થતાં સદર કેસ અમરેલીના મહે. બીજા અધિક ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ ચાલી જતાં, નામદાર તમામ પુરાવાઓનું મૂલ્યાંકન કરી આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે. ઉપરોક્ત કેસમાં આરોપી તર્ફે વકીલશ્રી એન. જી. બગડા રોકાયેલા હતા.

# લાઠી પો. સ્ટે. ના ગુનામાં ત્રણ વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને પોલીસે ઝડપી લીધો

## અમરેલી એલસીબીએ ઝડપી લઇ લાઠી પોલીસને સોંપ્યો

અમરેલી,ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમારએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી ફરતા આરોપીઓનેપકડીપાડવાસુચનાઆપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહએ અમરેલી જીલ્લામા ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. શ્રી એ. એમ. પટેલ રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે લાઠી પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦ ૩૪૨ ૧૦૩૫૬/૨૦૨૧, આઈ.પી.સી.કલમ ૩૮૧, ૧૧૪ મુજબના કામે છેલ્લા ત્રણ વર્ષથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે મોરબી મુકામેથી શેરબહાદુર ફર્સે મગર, ઉ.વ.૨૬, રહે.મુળ ગામ બૈજનાથ, જિ.બાકે (નેપાલ) હાલ રહે.મોરબી, માધવહોટલ,તા.જિ.મોરબીવાળાનેપકડી પાડી, આગળની કાર્યવાહીથવાસારૂ લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### અનેક જરૂરિયાતમંદોને ભોજન પહોંચાડનાર

# શ્રી શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર અમરેલીના નવા ભવનમાં ગાયત્રી યજ્ઞ સાથે ચંપલ વિતરણ

## જરૂરિયાતમંદ લોકો માટે ચંપલની સેવા : ઓમ યોગા ગૃપની બહેનોની પ્રસંશા



અમરેલી,
શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર અમરેલીના નવા ભવનમાં ગાયત્રી યજ્ઞ ઓમ યોગા ગૃપ ના બહેનો દ્વારા કરવામાં આવેલ તેમજ તમામ બહેનો દ્વારા શુધ્ધાત્મક મંત્રો પ્રસાદ વગેરેનુ કરવામાં આવેલ ગૃપ દ્વારા સંસ્થાના સંચાલક ભીખુભાઈ અગ્રાવતને પુચ્છા કરી કે અમે આ વડીલોને શુ ઉપયોગી થાઈએ ત્યારે, કહ્યું કે આ બળબળતા ઉનાળાના દિવસો છે જેની પાસે કાંઈ નથી તેવા જરૂરીયાતમંદ વડીલોને ચપ્પલ આપોતો પુણ્યનું કાર્ય થશે .
આ વાતને તુરત વધાવી શ્રીભાવનાબેન રંગપરીયા, શ્રી રીટાબેન પટેલ તથા આખા નિર્ણય લઈ તમામ જરૂરીયાત મંદ વડીલોને ચપ્પલની સેવા આપેલ સંસ્થાએ ઓમ યોગ મહિલા ગૃપનો ખુબ ખુબ આભાર માનેલ સેવા એ ઈશ્વરને પુષ્પ અર્પણ કરવા સમાન છે.

# સાવરકુંડલા હોસ્પિટલની મુલાકાતે નાયબ નિયામક

## ખુટતુ મહેકમ અને સુવિધાઓ વધારવા માહિતી માંગતા અધિકારીઓ



સાવરકુંડલા,સાવરકુંડલાની કેકેમહેતા સરકારી હોસ્પિટલ ખાતે આજ રોજ ગાંધીનગર આરોગ્ય વિભાગના નાયબ નિયામક અમરેલી જિલ્લાના લાઈઝનિંગ ઓફિસર ડો. હસમુખ ચૌધરી અને અમરેલી જિલ્લાના RCHO ડો. સાલ્વી શુભેચ્છા મુલાકાતે આવેલ હતા. અધિક્ષકશ્રી ડો. ક્રિષ્નાબેન હરીયાણી, ડો. વિવેક તરસરીયા - એમ. ડી. એસ., ડો. સમીર સવટ - અર્બન હેલ્થ ઓફિસર સાવરકુંડલા - ૨, સમાબેન પઠાણ - એ. એચ. એ. આસી. તેમજ નીતિન જેઠવા એકા. આસી. દ્વારા હોસ્પિટલનો રાઉન્ડ લઈને તેની સુવિધા તેમજ ડોકટર તથા સ્ટાફનું કામગીરી જોઈને સંતોષકારક વ્યક્ત કર્યો હતો. તેમજ ખૂટતું મહેકમ અને સુવિધાઓ વધારવા માટેની માહિતી મેળવી ગાંધીનગર ખાતે મંજુર કરવા આશ્વાસન આપેલ હતું.

# કમૌસમી વરસાદથી ખેતીવાડીમાં નુકશાન થતાં ખેડૂત લાચાર બન્યો

## તાત્કાલીક સર્વે કરાવી ખેડૂતોને વળતર આપવા શ્રી પટેલની માંગ

લીલીયા,(મહેશ દવે) અમરેલી જિલ્લાના મતિરાળા, લાઠી, સાવરકુંડલા અને લીલીયા તાલુકાના વિસ્તારોમાં ગત તા.૧૪-૫ને સોમવારના અચાનક વાતાવરણમાં પલ્ટો આવતા વાવાઝોડા સાથે તોફોની વરસાદ પડયો હતો. જેના કારણે ખેતી પાકને ખુબજ નુકશાન થયેલ છે. ખાસ કરીને ડુંગળી, જુવાર, બાજરી અને તલના પાકમાં ખેડૂતોને મોટુ નુકશાન થયેલ છે. જેથી ખેડૂતોને પડયા ઉપર પાટુ જેવો ઘાટ થયો છે. તેમજ જયાં જયાં બાગાયતી વિસ્તારછે ત્યા પણ કેરીના પાકને નુકશાન થયેલ છે. તો તાત્કાલીક અસરથી સરકારશ્રી દ્વારા સર્વે કરાવી ખેડૂતોને યોગ્ય વળતર આપવા ભાજપ અગ્રણી અને ખેડૂત આગેવાન ભાસ્કરભાઈ પટેલની યાદીમાં જણાવાયું છે.

# ધારાના નેસ ગામના શહીદ વિરના પરીવારને મદદરૂપ થવા રાજુલાયાર્ડ દ્વારા અપીલ કરાઇ

રાજુલા,આપ સૌને જણાવવાનું કે આપના વિસ્તારના ધારાનો નેસ ગામના વતની સ્વ. રવિરાજભાઈ ભવનુભાઈ ધાખડા જીવનના છેલ્લા શ્વાસ સુધી દેશની સેવા કરી અને શહીદ થયા છે. પોતાનું જીવન દેશ માટે સમર્પિત કરી દીધું છે,જે પરીવારે એકનો એક દિકરો દેશને આપી દીધો હોય. ધન્ય છે માતા-પિતાને પરંતુ આજે તેમના પરીવાર પર મોટું સંકટ આવી પડેલ છે. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં આપણે સૌએ તેમના પરીવારને આપણાથી બનતી આર્થિક મદદ કરવી જોઈએ, એ આપણી નૈતિક ફરજ સમજીએ. અને આવી પરીસ્થિતિમાં આપણે સૌ ભાઈઓએ પોતાની શકિત મુજબ નીચે મુજબ બેંક ડીટેઈલમાં આર્થિક મદદ કરવા તમામને રાજુલા માર્કેટયાર્ડ દ્વારા અપીલ કરવામાં આવી છે. ધાખડા રવિરાજભાઈ ભવનુભાઈ એકાઉન્ટ નં.૨૦૩૬૩૫૪૫૯૩૧ તથા આઈએફસીકોડ એસબીઆઈએન ૦૦૬૦૨૧૫.

## અવસાન નોંધ

અમરેલી
ઔ.ગુ.સાડાચારસો બ્રાહ્મણ ગં.સ્વ.મંજુલાબેન નલિનભાઈ જોષી પુર્વ પાલિકા પ્રમુખ, તે ડો. કિરીટભાઈ જોષી, તથા નરેશભાઈના ભાભી, તેમજ સંગીતાબેનના માતૃશ્રીનું તા.૧૮-૫ને શનિવારના અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૨૦-૫ સોમવાર બપોરના ૫ થી ૭ તેમના નિવાસસ્થાન માણેકપરા સત્યનારાયણ મંદિર પાસે અમરેલી મુકામે રાખેલ છે.

રાજકોટ
જયંતભાઈ મણીલાલભાઈ ઉદાણી ,નિવૃત કુલસચિવ સૌરાષ્ટ્ર યુનિ. ઉ.વ.૯૦ તે સ્વ. હંસાબેન જયંતભાઈ ઉદાણીના પતિ, સ્વ. સુરજબેન અને સ્વ. મણિલાલભાઈના દિકરા ,સ્વ. અરૂણભાઈ , સ્વ. સતિષભાઈ, સ્વ. નિર્મળાબેન, સ્વ. મીનાબેન અને નીલાબેનના ભાઈ , પરેશભાઈ, કેતનભાઈ,(એડવોકેટ), પારસભાઈના કાકા જયદીપ (જયભાઈ) ઉદાણી(ટાઈમ્સ ઓફ ઈન્ડિયા રાજકોટના પિતા , પીનાના સસરા, આશીના દાદા, તા. ૧૮-૫ શનિવારે અરીહંત શરણ પામેલ છે. સદગતનું પ્રાર્થનાસભા/બેસણું તા.૨૦-૫ સોમવારના સાંજે ૫:૩૦ થી ૬:૩૦ રાષ્ટ્રીયશાળા રાજકોટ મુકામે રાખેલ છે.

### જીણાભાઇ કણસાગરાની ૩૦મી પુણ્યતીંથી નિમીત્તે

# અનીડાના કણસાગરા પરિવાર દ્વારા વેબિનાર યોજાશે

## વેબિનારમાં નિષ્ણાંત ડોકટરો દ્વારા કેન્સર અંગે માર્ગદર્શન



અમરેલી,અનીડાના ઘડતરના કૂશળ શિલ્પી,કર્મયોગી જીણાભાઈ દેવરાજભાઈ કણસાગરા(પૂર્વ ધારાસભ્યશ્રી કુંકાવાવ, વડીયા) જીવન માંથી જીવનજીવવાની પ્રેરણા લઈએ ત્રણ વખત ગુજરાત વિધાનસભાની ચૂંટણી જંગી બહુમતિથી જીતી લોકપ્રિય ધારાસભ્ય તરીકે લોકહૃદયમાં સ્થાન પામ્યા હતા. પોતાના ખર્ચે લોકોને વિધાનસભામાં લઈ જઈ પ્રયનોનું નિરાકરણ કરતા.તેઓએ અનીડામાં સુધારેલી ખેતી કરતા રાજકીય, સામાજિક, શૈક્ષણિક, સહકારી, આધ્યાત્મિક કર્મયોગીતરીકે આદર્શ જીવન જીવી ગયા.તેઓએ પોતાની સેવા અને પુરુષાર્થના બળથી સમાજમાં સુગંધ પ્રસરાવી છે. અનેક નિરાધારોનો બેલી બની પ્રેમ અને લાગણીની સરિતા તેમણે સતત વહાવી હતી.વર્ષો સુધી બિન હરીફ સરપંચ રહી નાનકડા અનીડા ગામને આદર્શ અને ગોકુળિયું બનાવવામાં જીવન ઘસી નાખ્યું હતું. અંધશ્રદ્ધા અને કૂરીવાજો નિર્મૂળ કરવા સઘન પ્રયત્ન કર્યો હતો. સ્વ બચાવ માટે ગ્રામજનોને તાલીમ આપી હતી. સાક્ષરતા અભિયાન માટે રાત્રી શાળા શરુ કરી. ગામના સર્વાંગી વિકાસ કર્યો. સ્વચ્છ ગામ, સ્વસ્થ સમાજ તેમજ આરોગ્ય ક્ષેત્રનો શ્રી જીણાભાઈએ કરેલા કામો આજે પણ દરેકને પ્રેરણા આપે છે. શ્રી જીણાભાઈએ અવિરત પુરુષાર્થ અને સંઘર્ષ ખેલતા રહ્યા અને એના જવાબમાં એમણે માત્ર પ્રેમની અને લાગણીની સમગ્ર જીવન દરમિયાન સરિતા વર્ણવી.શાંત, નિષ્કામ કર્મયોગી, પ્રમાણિક અને સાદગીભર્યા જીણાભાઈના બહુરંગી જીવનમાંથી આપણને હરહંમેશ પ્રેરણા મળતી રહેશે. તેમના સંતાની આજે જીણાભાઈએ કંડારેલી સેવાની કેડીપર ચાલી તેના નામને રીશન કરી રહ્યા છે.

# પ્રાણાયામ કરો અને ગરમીથી બચો

## ગ્લોબલવોર્મિંગના સમયમાં પ્રાણાયામ સૌથી શ્રેષ્ઠ ઉપચાર

બગસરા,( રૂપેશ રૂપારેલિયા)
યોગ સાધનામાં યોગી ઓ એ પ્રાણાયામ નું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે મહત્વનું સ્થાન ગણ્યું છે શરીરમાં જે વિશ તત્વો એકઠા થાય છે તે તમામને ઉખેડીને બહાર ફેંકવાનું કામ પ્રાણાયામ કરે છે પ્રાણાયામ એટલે શ્વાસની ગતિને થોડા સમય માટે ગણતરીપૂર્વક લેવા રોકવા અને છોડવાની ક્રિયા જેને આપણે પૂરક ,કુંભક અને રેચક કહેવામાં આવે છે પ્રાણાયામ તુ પ્રમાણે કરવા જોઈએ ઉનાળાની ગરમીથી બચવા માટેના પ્રાણાયામ શીતલી પ્રાણાયામ શીતલી પ્રાણાયામ એટલે શરીરને ઠંડક આપતો પ્રાણાયામ આ પ્રાણાયામ વહેલી સવારે ઠંડા વાતાવરણમાં કરવો પદ્માસન અથવા સિધ્ધાસન કોઈ એક આસનમાં ટટ્ટાર બેસો બંને હાથના પંજા ને ઢીંચણ ઉપર રાખી ટટ્ટાર બેસવું આંખો બંધ કરવી જીભને બંને હોઠના દબાણથી એવી રીતે બહાર કાઢવી કે જીભની કિનારી ઉપરથી વળીને ભૂંગળી જેવો આકાર કરવો તેનાથી શ્વાસ પૂરક કરવો પૂરક પૂર્ણ થયા પછી ત્રિબંધ લગાવી યથાશકિત કુંભક કરવું પછી બંને નાસિકા દ્વારા શ્વાસને રેચક કરવો સિતકારી પ્રાણાયામ આ પ્રાણાયામ ઉનાળાની ગરમીમાં ઠંડક માટે કરવા જેવો પ્રાણાયામ એટલે સિતકારી પ્રાણાયામ આ પ્રાણાયામ થી શરીરમાં શીતળતા આવે છે કોઈપણ આસનમાં કરોડરજ્જુ ટટાર રાખીને બેસવું પહેલા જીભના અગ્રભાગને તાળવાના અંતર્ગોળ ખાડામાં વાળીને લગાવી અને બંને દાંતને ભીડી દેવા પછી મુખેથી શ્વાસ લેવો ધીરે ધીરે શ્વાસ પૂરક કરવો પછી જાલંધર બંધ કરી શ્વાસને શક્ય તેટલો અંદર રોકો આંતર કુંભ કરવું તેને રેચક કરતી વખત નાસિકા દ્વારા શ્વાસ છોડવો આ થયો એક સિતકારી પ્રાણાયામ-- ચંદ્રભેદન પ્રાણાયામ કોઈપણ સ્વચ્છ વાતાવરણ વાળા સ્થાન પર બેસી સુખાસનમાં બેસવું હવે જમણી બાજુ ની નાસિકા ને જમણા અંગૂઠા વડે બંધ કરી નાકની દાબી નાસિકા થી શ્વાસ ધીરે ધીરે અંદર ખેંચો પૂરક કરો. પછી બંને નાસિકાને બંધ કરી શ્વાસ ને રોકો જાલંધર બંધ કરી થોડીવાર રોકી જમણી નાસિકા થી શ્વાસ છોડી દો આ ત્રણેય પ્રકારના પ્રાણાયામ થી ગરમી ઓછી લાગે છે પિત્ત પ્રકૃતિવાળાને નિત્ય આ પ્રાણાયામ કરવા જોઈએ રક્ત વિકાર દૂર કરવા માટે આ પ્રાણાયામ વિશેષ ઉપયોગી છે પિત્ત શાંત થતા ભૂખ તરસ પણ થોડા સમય માટે શાંત કરે છે ચર્મ રોગીઓને પિત્તના વિકારો દૂર થાય છે ખૂબ જ ફાયદો થાય છે રક્ત શુદ્ધિ થાય છે ગરમીથી બચવા માટે આ પ્રાણાયામ કરવા જોઈએ

### ખાંભા જેવી કાકડિયાના અથાગ પ્રયત્નોથી

# ખાંભામાં કોલેજને મંજુરી મળતા બજરંગ ગ્રુપ દ્વારા આભારની લાગણી વ્યકત

## બજરંગ ગૃપના કાર્યકરોએ ખુશી વ્યકત કરી

ખાંભા,ખાંભા તાલુકો આમ તો પહેલે થી પછાત છે પણ જ્યારથી આ વિસ્તારમાં ધારાસભ્ય તરીકે અઢારે વરણ ને સાથે રાખી ચાલનારા અને લોકો માટે અડધી રાત નો હોકારો બનતા જેવી કાકડિયા ખાંભા અને ગ્રામ્ય વિસ્તારોના રોડ રસ્તા અને અન્ય વિકાસ ના પ્રશ્નો માટે હંમેશા જાગૃત રહી આ તાલુકો વિકાસ ની કેડીપર ચાલવા મંડે તે માટે હંમેશા શીલ રહે છે ત્યારે ખાંભા તાલુકાના વિધાર્થી ઓ માટે કોલેજની મંજુરી લાવી જેનાથી ૧૨ ધોરણ પછી આ વર્ષે થી જ કોલેજ માં અભ્યાસ શરૂ થઈ શકશે ત્યારે તાલુકાના વિધાર્થી આલમમાં ખુશી વ્યાપી ગઈ છે આ કાર્ય બદલ ખાંભા તાલુકાની સેવાકીય સંસ્થા બજરંગ ગ્રુપ પરિવાર ખાંભા આપણા લોક લાડીલા જેવી કાકડિયા સાહેબનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવે છે.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# ગોંડલમાં મોરારિબાપુની રામકથાનો પ્રારંભ

રાણપર,(નરેશ દેશાણી)
ગોંડલ જેતપુર રોડ ખાતે આવેલ દાસી જીવણ પાટી પ્લોટ મુકામે મોરારિબાપુ કંઠે રામકથાનું આયોજિત મહામંડલેશ્વર ૧૦૦૮ મહંત શ્રી સીતારામ બાપુ ની અધ્યક્ષતામાં સાંગાણી યુગાન્ડા ના સહયોગથી તા. ૧૮મે થી ૨૬ મે સુધી યોજાનારી છે જેમાં પ્રથમ દિવસે તા. ૧૮ને શનિવારે ભવ્ય પોથી યાત્રા બપોરે ૧ વાગ્યે ગોંડલ વડવાળી જગ્યાથી વાજતે ગાજતે નીકળી શહેરના રાજમાગો પર ફરી કથા સ્થળે પહોંચશે ત્યારબાદ બપોરે ૪ થી ૭ કથાનો પ્રારંભ થશે કથા દરરોજ સવારે ૯.૩૦ થી ૧.૩૦ સુધી મોરારિબાપુ તેમની આગવી શૈલીમાં સંગીત ની સુરાવલી સાથે કથા રસપાન કરાવશે જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટશે ઉલ્લેખનીય છે કે ૪૨ વષો બાદ ગોંડલ શહેરમાં રામકથા યોજવા રહી છે ત્યારે સેવકગણ તેમજ ગોંડલ તથા આસપાસની જનતામાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે રામકથામાં સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાત ઉપરાંત દેશ વિદેશથી મોટી સંખ્યામાં સંતો મહંતો શ્રોતાઓ અને ભકતો ઉપસ્થિત રહેશે આ માટે સુદર બેઠક વ્યવસ્થા માટે વાતાનુકૂલિત કથા મંડપ તેમજ દરરોજ એકીસાથે ૨૫ હજાર થી વધુ લોકો પ્રસાદ લઈ શકે તે માટે મોટા ડોમ મા ભોજનાલય ની સુદર વ્યવસ્થા કરવામાં આવી છે રામકથા ની શુભ શરૂઆત ૧૮ મે શનિવારે શરૂ થનાર છે ત્યારે બપોરે ૧ વાગ્યે વડવાળી જગ્યા ભગવત પર થી રથ ગાડી બાઈક માફ્ત વાજતેગાજતે ભવ્ય પોથી યાત્રા નીકળે છે

# વેરાવળમાં જીગ્નેશદાદાની ભાગવત કથાનો પ્રારંભ



ગીર સોમનાથ,વેરાવળ શહેર માં સૌ પ્રથમવાર જીગ્નેશ દાદા ની ભાગવત કથા નો ભવ્ય પ્રરંભ આજે થયેલ હતો ભવ્ય પોથીયાત્રા નિકળેલ હતી પહેલા દિવસેહજારો શ્રૌત્રાજનો ઉમટી પડેલ હતા.વેરાવળ કપીશ્વર પાર્ટી પ્લોટ માં જીગ્નેશ દાદા ની ભાગવત સપ્તાહનો ભવ્ય પ્રારંભ થયેલ હતો પોથિયાત્રા માંપણ મોટી સંખ્યામાં ભકતજનો જોડાયેલ હતા હજારોની સંખ્યામાં શ્રૌત્રાજનો કથા સ્થળે ઉમટી પડેલ હતા વિશાળ પાર્કીંગ સુવિધા સહીત ની તમામ વ્યવસ્થાઓ રખાયેલ છે. સૌ પ્રથમ વાર જીગ્નેશ દાદા ની કથા થતી હોય જેથી શહેરભરમાં ભકતિમય માહોલ સર્જાયો છે જીગ્નેશ દાદા પહેલા દિવસે જણાવેલ હતું કે સ્ત્રીઓએ સેથામાં સુંદર પુરી રાખવો જોઈએ સનાતન ધર્મ ની નિશાની છે તેમજ અનેક કષ્ણ ભકતિની દુષ્ટાતો આપેલ હતા તા. ૨૩ સુધી ચાલનાર આ ભાગવત સપ્તાહ માં ભાવિકોને જાહેર આમંત્રણ અપાયેલ છે દરરોજ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયેલ બપોરે ૩ થી સાંજે ૭ વાગ્યા સુધી કથા નો લાભ શ્રૌત્રાજનો લઈ શકશે.

# દ્વારકા સોમનાથ હાઇવેમાં બસ અકસ્માતે ૩૦ને ઇજા

દ્વારકા,
દ્વારકા સોમનાથ હાઈવે પર ટેન્કર અને બસ વચ્ચે એક ભયંકર અકસ્માત સર્જાયો હતો. જો કે સદનસીબે અકસ્માતમાં કોઈ વ્યક્તિની મૃત્યુ નથી થઈ આ ગમખ્વાર અકસ્માતનો ભોગ બનનાર બસમાં યાત્રાળુ સવાર હતા. બસમાં ૫૦ જેટલાયાત્રિકો સવાર હતા. આ અકસ્માતમાં ૩૦થી વધુ યાત્રાળુઓને ઈજા પહોંચી છે, તેઓ દ્વારકાથી સોમનાથ જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં આ અકસ્માત સર્જાયો હતો.

# સુરતમાં ત્રણ મહિલાઓ સાડીની ચોરી કરી ફરાર

સુરત,
સુરતમાં આવેલ નાના વરાછા વિસ્તારમાં શ્યામધામ સોસાયટીમાં કાપડની દુકાનમાં ત્રણ મહિલાઓ આવીને દુકાન માલિકની નજર ચૂકવી સાડીઓ ની ચોરી કરી ફરાર થઈ ગઈ હોવાની ઘટના બની હતી. આ સમગ્ર મામલે દુકાનદારે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે અને આ ચોરીની ઘટના ના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે પોલીસ એ સીસીટીવી ફૂટેજ ના આધારે તપાસ શરૂ કરી છે.

# વડોદરાના સુભાનપુરામાં આઇટીના દરોડા

વડોદરા,માધવ ગ્રુપ ઓફ કંપનીના કોમ્પ્યુટર, દસ્તાવેજ, હાર્ડ ડિસ્ક સહિતની વસ્તુઓ જપ્ત કરી છે. આઈટી અધિકારીઓએ પોલીસ બંદોબસ્ત સાથે તપાસ હાથ ધરાવવામાં આવી છે.ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી આઈટી અને સીબીઆઈ દ્વારા અલગ અલગ કેસ બાબતે દરોડા પડવાની કામગીરી ચાલી રહી છે. આઈટી અધિકારીઓએ પોલીસ બંદોબસ્ત સાથે તપાસ હાથ ધરવામાં આવી છે. કન્સ્ટ્રક્શન અને સોલાર સિસ્ટમ સાથે સંકળાયેલી કંપની પર આઈટીના દરોડા પાડ્યા છે. જો કેઆઈટીની તપાસમાં મોટા ખુલાસા થવાની શક્યતાઓમાં વધારો થયો છે.બીજી તરફ આ અગાઉ સીઆઈડી ક્રાઈમે અમદાવાદ અને સુરતની ૧૧ પેઢીમાં તપાસ હાથ ધરી હતી.

# ગુજરાતમાં ફરી તાપમાનમાં વધારો થશે

અમદાવાદ,દેશના અમુક રાજ્યો સહીત સમગ્ર ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે રાજ્યના અનેક શહેરોમાં ૪૩ થી ૪૫ ડિગ્રી તાપમાન રહેવાની શક્યતા છે.ગુજરાતમાં હાલ ગરમીએ કાળો કહેર વર્તાવ્યો છે. દિવસેને દિવસે તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગ દ્વારા વધુ એક વાર તાપમાન વધાવાને લઈને મોટી આગાહી કરવામાં આવી છે. જેને લઈને આજે સમગ્ર ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, તારીખ ૧૯ થી ૨૩ ની વચ્ચે મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.

# ભુજમાં હેરિટેજ વોક યોજાઇ

ભુજ,
આ વર્ષે ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડેની થીમ શિક્ષણ અને સંશોધન માટે સંગ્રહાલય રાખવામાં આવી છે ત્યારે કચ્છના ગાઈડ દ્વારા ભુજની આસપાસના હેરિટેજ સ્થળોમાં ઓલફ્રેડ હાઈસ્કૂલ, હમીરસર તળાવ, મહાદેવ ગેટ, જૂની ટંકશાળ, નવી ટંકશાળ, મોહમ્મદ પન્ના મસ્જિદ, રામકુંડ, રજેન્દ્રબાગ, છતરડી જેવા સ્થળોની મુલાકાત કરાવીને તેના ઈતિહાસ વિષે માહિતી આપવામાં આવી હતી.ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ મ્યુઝિયમ દ્વારા સમાજના વિકાસમાં સંગ્રહાલયોની ભૂમિકા અંગે જાગૃતતા કેળવવા માટે વર્ષ ૧૯૭૭ માં ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડે ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારથી દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

# હરિયાણામાં બસમાં આગથી ૮ના મોત

નૂંહ,
હરિયાણાના નૂંહમાં એક ટૂરિસ્ટ બસમાં આગ લાગવણો ભયાનક બનાવ બન્યો હતો. નૂંહ જિલ્લાના તાવડુ સબડિવિઝન પાસે પસાર થતા કુંડલી માનેસર પલવલ એક્સપ્રેસ વે પર આ દુર્ઘટના બની હતી. ટૂરિસ્ટ બસમાં લગભગ ૬૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા, જેમાંથી ૮ લોકોના મોત થયા છે અને ૨૪ લોકો ઘાયલ હોવાનું જાણવા મળ્યું છે. આ દુર્ઘટના રાત્રે લગભગ ૧.૩૦ વાગે બની હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી શરૂ કરી છે તેમજ ઈજાગ્રસ્તોને સારવાર હેતુ હોસ્પિટલમાં ખસેડાયાં છે. માહિતી મુજબ વધુ એક ઘાયલ વ્યક્તિનું મોત નિપજતાં મૃત્યુઆંક ૯ થયો છે.આ ટૂરિસ્ટ બસમાં મુસાફરી કરી રહેલા શ્રદ્ધાળુઓ (મુસાફરો) ધાર્મિક સ્થળોના દર્શનાર્થે નીકળ્યા હતા અને વારાણસી અને વૃંદાવનથી પરત ફરી રહ્યા હતા. બસમાં અચાનક આગ ફાટી નીકળી હતી,

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# રાપરના કાનમેરમાં જુથ અથડામણમાં હત્યાના આરોપીઓ ઝડપાયા

## સામખીયાળી પોલીસે ગણતરીના કલાકોમાં ૧૬ આરોપીઓને ઝડપી લીધા

ભુજ,જોધપરવાંઢ કાનમેર ગામ વચ્ચે આવેલ ઘુડખર અભ્યારણ વિસ્તારમાં જુના મીઠાના કારખાના પાસે રણમાં આ કામેના આરોપીઓએ ફરીયાદીને જાતી અપમાનીત કરી આ જુના મીઠાના કારખાના વાળી જગ્યા ખાલી કરી નાખજે નહીતર જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી મનફાવે તેવી ભુડી ગાળો બોલી જાનથી મારી નાખવાના ઈરાદે આરોપીઓ પોતાના પાસેની બંદુકમાંથી ફાયરીંગ સાહેદોને શરીરે ઈજા પહોંચાડી ફરીયાદીને લાકડી વડે મુઢમાર તેમજ ફેકચર જેવી ઈજાઓ કરી તેમજ ધારીયા તેમજ લોખડના પાઈપ હથીયાર ધારણ કરી ગુનાને અંજામ આપેલ હોય જેથી આ બનાવ અંગે આરોપીઓને પકડવા અલગ અલગ ટીમો બનાવી આપેલ સુચના અનવ્યે સુચનાથી હ્યુમન સોર્સ તથા ટેકનીકલ સર્વેલન્સ આધારે ગુના કામેના આરોપીઓ (૧) ગેલાભાઈ રાઠોડ,(૨) દેવાભાઈ કરશનભાઈ ડોડીયા(રજપુત),(૩) વિરમભાઈ જખરાભાઈ રબારી(આલ),(૪) વિજયભાઈ રાયધણભાઈ કોલી (ઉસેટીયા),(૫) દેવજી ઉર્ફે શકિત ડાયાભાઈ ડોડીયા,(૬) અમૃત ઉર્ફે સબરો પાલાભાઈ વાઘેલા,(૭) ભરતભાઈ દેવાભાઈ ભરવાડ(ટુંગા),(૮) રાયધણભાઈ રવાભાઈ કોલી (ઉસેટીયા),(૯) કુંભાભાઈ ચૌહાણ,(૧૦).બાબુ ઉર્ફે સતિષભાઈ કલાભાઈ ભરવાડ,(૧૧) ભરતભાઈ રવાભાઈ વાઘેલા,૧૨) સવાભાઈ રત્નાભાઈ રબારી,(૧૩) રૂપાભાઈ ભરવાડ,(૧૪) થાવરભાઈ આંબાભાઈ રબારી,( ૧૫) લખમણભાઈ કલાભાઈ ભરવાડ,(૧૬) અજાભાઈ ટપુભાઈ ભરવાડને ગણતરીના કલાકોમા પકડી પાડી નામદાર કોર્ટમા રજુ કરી દિન-૦૭ ના પોલીસ રિમાન્ડ મેળવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જૂનાગઢ જિલ્લામાં ઘરઘાટીઓને રાખતા પહેલા ૪૮ કલાકની અંદર પોલીસ સ્ટેશનમાં જાણ કરવા તાકિદ

જૂનાગઢ ,જૂનાગઢ જિલ્લામાં ઘણા ગંભીર ગુનાઓમાં ઘરઘાટીની સંડોવણી હોવાનું તપાસ દરમિયાન જણાયેલ છે. કેટલાંક કિસ્સાઓમાં વયોવૃધ્ધ નાગરિકો મકાનમાં એકલા રહેતા હોય છે. તેમને ત્યાં ઘરકામ અર્થે રાખેલ ઘરઘાટીઓ પૈકી અમુક ગુનાહિત મનોવૃત્તિ ધરાવતા હોય, એકલતાનો લાભ ઉઠાવી નાણાની અથવા અન્ય લાલચમાં આવી જઈ શરીર સંબંધી કે મિલકત સંબંધી ગુનાઓ આચરી ફરાર થઈ જતા હોય છે. આંતકવાદી પ્રવૃત્તિમાં સામેલ ઈસમો પણ આ રીતે રહે તેવી શક્યતા નકારી શકાય નહીં. ઘરઘાટીઓ જૂનાગઢ જિલ્લાની બહારના હોય તેઓ ગુનો આચરીને જતા રહેતા હોય છે. તેમની માહિતી મકાન માલિક કે પોલીસ પાસે હોતી નથી. પરિણામે તેમને પકડવા ખૂબ જ મુશ્કેલ ભર્યું બને છે. જેથી આવા બનાવો બનતા અટકાવવા તથા જૂનાગઢ જિલ્લા વિસ્તારની જાહેર જનતાની સલામતી અને શાંતિ જાળવવા આવા ઘરઘાટીઓના પુરા નામ, સરનામા, ફોટોગ્રાફ્સ, ધંધાકીય પ્રવૃત્તિની વિગત વગેરેની માહિતી માટે સી.આર.પી.સી કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા આવી પ્રવૃત્તિ અટકાવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. આથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એન. એફ. ચૌધરીને જૂનાગઢ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ઘરઘાટીના નામ, સરનામા, ફોટોગ્રાફ્સ, ધંધાકીય પ્રવૃત્તિની વિગત વગેરે માહિતી ઘરમાલિક/ભાડુઆત દ્વારા ઘરમાલીક/ભાડૂઆતનું નામ/સરનામું, મોબાઈલ/ટેલીફોન નંબર (આઈ.ડી.પ્રુફની નકલ ફરજિયાત જોડવી), ઘરઘાટીનું પૂરું નામ, ઉંમર વર્ષ તથા જૂનાગઢ જિલ્લાનું સરનામું તથા મોબાઈલ નંબર (આઈ.ડી.પ્રુફની નકલ ફરજિયાત જોડવી), ઘરઘાટીનું મૂળ વતનનું સરનામું તથા મોબાઈલ નંબર તથા પોલીસ સ્ટેશનનું નામ (આઈ.ડી.પ્રુફની નકલ ફરજિયાત જોડવી), ઘરઘાટીને કામે રાખ્યા તારીખ/છુટા કર્યાની તારીખ, ઘરઘાટી અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે ઘર માલીકનું/ભાડૂઆતનું પૂરું નામ, સરનામું તથા મોબાઈલ નંબર અને ઘરઘાટીનો સમયગાળો, ઘરઘાટી કોના રેફરેન્સ/પરિચયથી કામે રાખેલ છે.?

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ YAMAHA FASCINO-125

LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક: મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ મો. ૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ

તા.૧૯-૦૫-૨૦૨૪ રવિવાર



(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૬) મો. ૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

### તાજેતરમાં સતત કમોસમી વરસાદ અને માવઠાને કારણે

# અમરેલી જિલ્લામાં વાવાઝોડાથી નુકશાનનો સર્વે કરાવી સહાય ચુકવો

**અમરેલી જિલ્લા ભાજપ કિશાન મોરચાના શ્રી પરેશ પટ્ટણીએ રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલને પત્ર પાઠવી કરેલી ધારદાર રજુઆત**

**માવઠાને કારણે ખેતીપાકો અને ગીર વિસ્તારમાં કેરી, બાગાયત સહિતનાં પાકોને પણ વ્યાપક નુકશાન થતા ખેડુતો આર્થિક મુશ્કેલીમાં મુકાઇ ગયાં**

અમરેલી,
અમરેલી જિલ્લાના દરેક તાલુકામાં તા.૧૪ અને ૧૫ના રોજ થયેલ વાવાઝોડમાં કમૌસમી વરસાદને કારણે ધારી સહિતના વિસ્તારોમાં મોટુ નુકશાન થયું છે. બાગાયતો અને ધાન્ય પાકો સહિત ખેતી પાકોને નુકશાન થતાં ખેડૂતો પરેશાન છે. કેરીના પાકનો શોથ બોલી ગયો છે. તેથી તાત્કાલીક સરકારે સર્વે કરાવી સહાય ચુકવવા મુખ્યમંત્રીને પત્ર પાઠવી અમરેલી જિલ્લા ભાજપ કિશાન મોરચાના મહામંત્રી પરેશભાઇ પટ્ટણીએ રજુઆત કર્યાનુ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ધોરણ ૧૦/૧૨ ના પરિણામો: વિહંગાવલોકન

## ગત વર્ષ કરતા ધો. ૧૨ સામાન્યનું પરિણામ ૧૮.૬૬ ટકા વધુ વિજ્ઞાન પ્રવાહમાં ૧૬.૮૭ ટકા વધુ પરિણામ

**ગ્રાન્ટેડ શાળાઓમાં અને સરકારીમાં ત્રણ હજાર આચાર્યોની જગ્યા ખાલી છતા પરિણામ**

અમરેલી,
તાજેતરમાંધોરણ ૧૦અને૧૨ નાપરિણામોઆવ્યા. ધોરણ ૧૦નુંપરિણામ આવ્યું જે ગયા વર્ષ કરતાં ૧૭.૯૪% વધુ છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩%આવ્યુંજેગયાવર્ષકરતા૧૮.૬૬% વધુછે. ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહનુંપરિણામ ૮૨.૪૫%આવ્યુંજેગયાવર્ષકરતાં૧૬.૮૭% વધુ છે. જ્યારે સરકારી અથવા ગ્રાન્ટેડ શાળાઓમાં ૩૦૦૦ આચાર્યોની જગ્યાઓ ખાલી છે, અગત્યના વિષયોના શિક્ષકો ગામડાનીહાઈસ્કુલોમાંએકથીબેજશિક્ષકો છે, પ્રવાસી શિક્ષકોની ભરતી બંધ છે, કરાર આધારિતશિક્ષકોનીભરતીથાયછેત્યારેએક જ વર્ષમાં એવું તે શું થયું કે સરેરાશ ૧૮% પરિણામ વધારે આવ્યું? ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ વધુ પાસ થયા. બોર્ડની સ્થાપના થઈ ત્યારથીઅત્યાર સુધીનો રેકોર્ડ બ્રેક થયો. પરિણામ પણ ૨૦%જેટલા ઊંચા આવ્યા.

મારા સ્પષ્ટ મંતવ્ય મુજબ ગુજરાતમાં સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ અને કોલેજોનો રાફડો ફાટ્યો છે. એન્જિનિયરિંગ કોલેજો, મેડિકલ કોલેજો, BBA, BCA, ફાર્મસી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં ૫૦%થી વધુ બેઠકો ભરાતી નથી ત્યારે ભાજપ સરકારના જ માણસોથી ચાલતી આ શાળાઓને કમાણી કરવા માટે જ આ પરિણામો આવ્યા છે.

દરેક સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ પોતાની શાળાના વિદ્યાર્થીઓના ૧૨ રેન્ક સાથેના ફોટા છપાવી અમારી આ શાળાના વિદ્યાર્થીઓ ગુજરાતમાં પ્રથમ-બીજા-ત્રીજા નંબરે આવેલા છે તેવી લોભામણી જાહેરાતો આપવાનું શરૂ કરેલ છે. ધોરણ ૧૦ના આ પરિણામમાં ૬૯૦૦વિદ્યાર્થીઓનોPRરેન્ક ૯૯% થી વધુ આવેલ છે. છાપા જાહેરાતો વાંચશોતોખબરપડશે દરેકશાળાનાવિદ્યાર્થી ગુજરાતના ટોપ-૧૦ માં હોય છે. આ લોકો ૯૯.૯૯ ને પ્રથમ, –૯૯.૯૮ ને દ્વિતીય, ૯૯.૯૭નેતૃતીય, ૯૯.૯૬ નેચોથા, ૯૯.૯૫ ને પાંચમા નંબરે ગણે છે અને વાલીઓ આ જાહેરાતો થી ભ્રમિત થાય છે.

PR ખરેખર છે શું? કોઈ વિદ્યાર્થી પરીક્ષામાંપાસથાય ત્યારે તેની કરતાં કેટલા વિદ્યાર્થી તેની પાછળ છે તે દર્શાવતા અંકને ગર કહેવાય તેની સ્પષ્ટ સમજ ધોરણ ૧૦ ના આ વર્ષના કુલ ૬,૯૯,૫૯૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે તેના આધારે આપુંછું.

ભાગ ૧: PR રેન્કની ગણતરી: પ્રથમ નંબર મેળવનાર વિદ્યાર્થી કરતા ૬,૯૯,૫૯૭ વિદ્યાર્થીઓ પાછળ છે. તેથી પ્રથમ નંબર મેળવનાર વિદ્યાર્થીનો PR રેન્ક - (699597/699598) x 100 - 99.999857 થશે. બીજો નંબર મેળવનાર વિદ્યાર્થીનો PR રેન્ક - (699596/ 699598) X100 - 99.999814 થશે. ધારો કે ત્રીજા નંબર ઉપર સમાન ગુણ ૦૪ વિદ્યાર્થીઓ છે. તેનો PR રેન્ક - (699592/ 699598) X 100 - 99.99142 થશે.

**આર. વી. વિસાવળીયા [B.Sc, M.Ed.]**
**રાષ્ટ્રિય એવોર્ડ વિનર આચાર્યશ્રી,**
**ભૂતપર્વ આચાર્ય, શ્રી બી. જે. દોશી હાઇસ્કુલ, અમરાપુર**
**રવિકુંજ', પટેલ નગર-મોટા આંકડિયા**

૬૯૦૦ માં વિદ્યાર્થીનો ગર રેન્ક - (692698/699598) X 100 - 99% વધુ ગર થશે. આનો અર્થ એ થાય કે ૯૯% થી દ છ્ર રેન્ક મેળવનાર વિદ્યાર્થીની સંખ્યા ૬૯૦૦ છે એટલે સેલ્ફ ફાઈનાન્સ શાળાઓની લોભામણી જાહેરાતોથી વેદ્યાર્થી અને વાલીઓએ છેતરાવાની જરૂર નથી. આ પ્રાઈવેટ શાળાઓમાં ક્વૉલિફાઈડ શિક્ષકો પણ નથી. લાયકાત વગરના શિક્ષકો ૧૦,૦૦૦ અથવા ૧૨,૦૦૦ રૂપિયામાં કામ કરે છે ત્યાં ફક્ત ગોખણીઓ જ્ઞાન જ અપાય છે. ભાગ ૨: ઓછો પી.આર વિદ્યાર્થી વાલી બેભાન : ધોરણ ૧૦ નું પરિણામ ૮૨.૫૬% આવ્યું છે તેનો અર્થ ૧,૨૨,૦૧૦ વિદ્યાર્થી નાપાસ થયા છે તેથી પાસ થયેલ છેલ્લા વિદ્યાર્થીનો PR રેન્ક - (122011/699598) X 100 - 17.44 થશે. છે ને કમાલ! આ વિદ્યાર્થીની માર્કશીટમાં ખરેખર ૩૫%થી ગુણ હોવા છતાં આ વિદ્યાર્થીને માર્કશીટ જોઈને તેના વાલી નાસીપાસ થશે. તે આ માર્કશીટ ઘણા શિક્ષિત માણસોને બતાવશે કારણ કે PR રેન્ક ૧૭.૪૪છે. પહેલા માર્કશીટમાં ટકા અને પાસ/ નાપાસ લખવામાં આવતું. હવે નાપાસ વિદ્યાર્થી હતાશ ન થાય એટલે NEEDIMPROVEMENT વધુ પ્રયત્નોની જરૂર છે આવું લખવામાં આવે છે. વાલીને મારું સંતાન નાપાસ છે તેની ખબર નહીં પડે? આ કોઈ વિકલ્પ છે ખરો? GPSC અને UPSC ના દરેક વર્ષના પરિણામો જુઓ તો ખબર પડશે કે ગામડાઓની ગુજરાતી માધ્યમવાળી સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ભણેલા બાળકો જ પરીક્ષાઓ પાસ કરે છે.

હું પણ એક જિલ્લાની શ્રેષ્ઠ ગ્રાન્ટેડ શાળાનો ભૂતપૂર્વ આચાર્ય સારા અને ઉંચા પરિણામનો વિરોધ નથી. મારા બાળકો દરેક ક્ષેત્રમાં સફળ થાય તે જ અમારું ધ્યેય હોય પણ ભાજપ સરકારે છેલ્લા થોડા વર્ષોમાં તાલીમોનો અતિરેક, અભ્યાસક્રમોમાં વારંવાર ફેરફાર, બિનજરૂરી રીતે પરીક્ષા પદ્ધતિઓમાં ફેરફાર, ધોરણ ૮ નો પ્રાથમિક શાળામાં સમાવેશ (ગામડાઓની માધ્યમિક શાળાઓના પતનનું કારણ), ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં A,B એમ બે ગ્રુપ, ધોરણ ૧૦ ગણિતનું પાઠ્યપુસ્તક એક, શિક્ષક એક, ભણાવવાનું સાથે અને પરીક્ષાની બે રીતો બેઝિક અને સ્ટાન્ડર્ડ જેવા અખતરા કરી શિક્ષણની જે દશા કરી છે તે જોઈને હૃદય દ્રવી ઊઠે છે. એક બાજુ અમરેલી જિલ્લાની ફોરવર્ડ જેવી શ્રેષ્ઠ શાળાઓ બંધ થાય છે અને સામે સેલ્ફ ફાઈનાન્સ ગલીએ-ગલીએ શરૂ થાય છે.

જરૂર છે દરેક નાગરિક-વાલીઓ-સામાજિક કાર્યકરો-ધર્મગુરુઓ ને જાગવાની...! શિક્ષણ વગર સમાજનો વિકાસ શક્ય નથી. પરીક્ષા એ પરીક્ષા છે! દરેક વિદ્યાર્થી અર્જુન ના બની શકે. ફક્ત સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ માટે આટલું પરિણામ આપી પરંતુ તેને નોકરી તો આપી શકાય તેમ નથી. વિચારો...! આજનું શિક્ષિત યુવાધન વિદેશમાં જવા દોટ મૂકી રહ્યું છે ત્યારે વાસ્તવિકતા ને સ્વીકારી હવામાં ઉડવાની જરૂર નથી. તમામ શિક્ષણવિદોને સાભાર અર્પણ.

## રાજકોટમાં સિવિલ હોસ્પિટલમાં એનડીસીનાં સાધનોમાં મોટુ કૌભાંડ

(જી.એન.એસ)રાજકોટ, રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફ્ટીની જાળવણીનાં કોન્ટ્રાક્ટમાં કૌભાંડ મામલે સુપ્રિડેન્ડેન્ટનું નામ બહાર આવતા સમગ્ર મામલે સિવિલ સુપ્રિટેન્ડન્ટ દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે. પાંચ વર્ષમાં કુલ ૭૩ કરોડ રૂપિયાનું કૌભાંડ થયાનું સામે આવ્યું હતું. આ કૌભાંડમાં સિવિલ સુપ્રિટેન્ડેન્ટનું નામ ખુલ્યું હતું. પેટા કોન્ટ્રાક્ટની જોગવાઈ નહીં છતાં પેટા કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો. કોન્ટ્રાક્ટનાં માલિક તરીકે સિવિલ સુપ્રિટેન્ડન્ટનું નામ ખુલવા પામ્યું હતું. વાર્ષિક ૧.૮૨ લાખમાં મેન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જેની સામે ૨૧ લાખ રૂપિયાનો ખર્ચ બતાવવામાં આવ્યો છે. તેમજ પેટા કોન્ટ્રાક્ટની જોગવાઈ નહી છતાં પેટા કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. હોસ્પિટલનાં એક કર્મચારીએ બિલ અટકાવ્યું તો તેમની બદલી કરી દેવામાં આવી હતી. ચૂકના કારણે મારું નામ આ સમગ્ર મામલે સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાધેશ્યામ ત્રિવેદીએ ખુલાસો કરતા જણાવ્યું હતું કે, શરત ચૂકના કારણે મારૂ નામ એનઓસી સર્ટિફિકેટમાં આવ્યું છે. મે ગત ૧૩ તારીખનાં રોજ મનપાનાં ચીફ ફાયર ઓફીસરને પત્ર લખ્યો હતો. પત્રનાં આધારે નવું એનઓસી સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. જેમાં મારૂ નામ દર્શાવવામાં આવેલ નથી. સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાધેશ્યામ ત્રિવેદીએ જણાવ્યું હતુ કે, રાજકોટ સિવિલ હોસ્પિટલ સૌરાષ્ટ્ર અને કચ્છની સૌથી મોટી હોસ્પિટલ છે. અત્યારે ૨૦૦૦ બેડ આ હોસ્પિટલમાં છે. તેમજ હોસ્પિટલમાં હાલ ૧૩ થી ૧૪ બિલ્ડીંગ છે. તમામ બિલ્ડીંગોમાં ફાયર એનઓસી હોવી જોઈએ. ફાયર એનઓસીનાં મેન્ટેનન્સની વાત છે. એનઓસી કોર્પોરેશન તરફથી આપવામાં આવે છે.

## વિર હમીરસિંહજી ગોહિલને અમરેલીમાં પુષ્પાંજલી અર્પણ

**લાઠી રોડ બાયપાસ નજીક પ્રતિમાને ફુલહાર કર્યા**



અમરેલી,
સોમનાથની સખાતે જઈ ધર્મ રક્ષા કાજે કેસરિયા કરનાર લાઠીના કુંવર ધર્મરક્ષક વીર હમીરસિંહજી ગોહિલ ને તેમનાં બલિદાન દિને અમરેલીના બાયપાસ રોડ પર આવેલ પ્રતિમાને સંવેદન ગૃપના પ્રમુખ વિપુલ ભટ્ટી, અમરેલી જીલ્લા વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ ઈતેશભાઈ મહેતા તથા રાજપૂત સમાજના પ્રમુખ પ્રતાપસિંહ રાઠોડે પુષ્પાંજલિ અર્પણ કરતાં ભાવવંદના કરી હતી.

## બાબરા તાલુકામાં ખેડૂતોને થયેલ નુકશાનનું વળતર આપવા માંગણી

**બાબરા તાલુકા ભારતીય કિસાન સંઘની ધારદાર રજુઆત**

અમરેલી,
અમરેલી જિલ્લામાં માવઠા અને મીની વાવાઝોડાના કારણે ખેડૂતોને ખેતી પાકો બાગાયતમાં ભારે મોટું નુકશાન થયુંછે. જેથી થયેલ નુકશાન અંગે સરકારે તાત્કાલીક સર્વે કરાવી ખેડૂતોને સહાય આપે તેવી માંગ ભારતીય કિશાન સંઘ બાબરા તાલુકાએ કરી મામલતદારને રજુઆત કરી છે તેમ ભાનુભાઇ પાનસેરીયા સહિત આગેવાનોએ અખબારી યાદીમાં જણાવ્યું છે. આ રજુઆતની નકલ ધારાસભ્ય શ્રી જનકભાઇ તળાવીયા તથા કૃષિ મંત્રી રાઘવજીભાઇ પટેલને પણ પાઠવેલ છે.

### સરકારે આધારકાર્ડને વધુ મહત્વ આપ્યું પણ

## રાજુલા શહેરમાં છેલ્લા પાંચ મહિનાથી આધારકાર્ડની કામગીરી સાવ ઠપ્પ

**ત્રણ ત્રણ તાલુકાના લોકોએ આધારકાર્ડ માટે કાયમી ખાવા પડતા ધક્કા**



રાજુલા, રાજુલામાં આધારકાર્ડ પાંચ મહિનાથી નવા નીકળતા નથી ફ્રેશ કાર્ડ કઢાવવા અમરેલી ધકા ખાવા પડે છે ત્રણ તાલુકાના લોકો હેરાન પરેશાન નવા કાર્ડ નીકળે તે માટે કાર્યવાહી ક્યારે થશે રાજુલા ખાંભા જાફરાબાદ ત્રણ તાલુકાના લોકોના આધાર કાર્ડ કાઢવાની કામગીરી સંપૂર્ણ બસ જ હતી ત્યારબાદ આ પ્રશ્ન ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને જીગ્નેશ પટેલ દ્વારા એક મહિના પહેલા ધારદાર રજૂઆત બાદ આધાર કાર્ડ ની કામગીરી શરૂ થયાના અહેવાલ પ્રસિદ્ધ થયા અને આધાર કાર્ડ ની કામગીરીમાં પણ લાઈનો લાગી હતી. હમણાં પણ તપાસ કરતા આધાર કાર્ડની કામગીરી શરૂ જોવા મળ્યો અને બીજી બાજુ આધારકાર્ડ ન નીકળતા હોવાની વ્યાપક સરપંચોની ફરિયાદ ઉઠી હતી આ અંગે તપાસ કરતા જાણવા મળ્યું કે અહીંયા તો સુધારા વધારા વધારા અને નાના ભૂલકાઓ ના કાર્ડ સિવાય કોઈપણ જાતની કામગીરી થતી નથી આ અંગે ઓપરેટરને પૂછતા જણાવ્યું કે સરકારની સૂચના છે કે ૧૫ વર્ષ પછીના કોઈપણ લોકોના ફ્રેસ કે નવા કાર્ડ કાઢવા નહીં જેને કઢાવવું હોય તે નવું કાર્ડ કાઢવા માટે અમરેલી સેન્ટરમાં જાય વધુ તપાસ કરતાં જણાવ્યું કે જાફરાબાદ કે ખાંભા ત્યાં પણ નવા કાર્ડ નીકળતા નથી જેથી હાલ આધાર કાર્ડ જરૂરી હોય બાળકોને અભ્યાસ માટે પણ વાલીઓએ આધાર કાર્ડ રજૂ કરવાનું હોય છે પરંતુ છેલ્લા પાંચ મહિનાથી ત્રણમાંથી એક પણ તાલુકામાં ૧૫ વર્ષથી ઉપરના કોઈપણ નું કાર્ડ નવું નીકળતું નથી આ અંગે વધુ તપાસ કરતા જાણવા મળ્યું કે અમરેલી જિલ્લામાં રાજુલા આધારકાર્ડ ઓફિસ નવા કાર્ડ કાઢવામાં ભયંકર ગોટાળા કર્યા હતા જેને કારણે કામગીરી દિલ્હીથી જ બંધ કરવામાં આવી અને ઓપરેટરોને પણ છુટા કરી દેવામાં આવ્યા અને ઓપરેટરને અને સ્થાનિક અધિકારીઓને દંડ પણ ફટકારવામાં આવ્યો પરંતુ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ની રજૂઆત બાદ બાળકોના અને સુધારા વધારા ની કામગીરી શરૂ છે ત્યારે સરકાર દ્વારા ત્રણ તાલુકાના લોકો ફ્રેશ નવા કાર્ડ કાઢવા અમરેલી ધક્કા ખાય છે ત્યારે જિલ્લા કલેકટર આ વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી કે જિલ્લાનું વહીવટી તંત્ર જો અમરેલી કે સાવરકુંડલા નવા કાર્ડ કાઢવામાં આવે છે ત્યારે રાજુલામાં કેમ કાઢવામાં આવતા નથી તેઓ સવાલ આ વિસ્તારના લોકોમાંથી ઊઠવા પામ્યું છે વળી સુધારા વધારામાં પણ એક જ ઓપરેટર હોવાથી ધોમ ધક્કા તડકામાં લોકો હેરાન પરેશાન થાય છે ત્યારે વધારે ઓપરેટર મૂકવા પણ લોકોને માંગણી અને લાગણી છે હાલ એડમિશન લેવાનું હોય જેથી આધાર કાર્ડ કઢાવવા સાવરકુંડલા અમરેલી આ ત્રણ તાલુકાના લોકો બે દિવસ ધક્કા ખાય છે ત્યારે અમરેલી વારો આવે છે તો તાત્કાલિક રાજુલા માં આધારકાર્ડ અહીંથી જ કાઢવામાં આવે તેવી આ વિસ્તારના લોકોની લાગણી અને માંગણી છે.

### સોનિક ફાઉન્ડેશન દ્વારા

## સાવરકુંડલામાં નવ વર્ષથી વિનામુલ્યે છાશ વિતરણ

**૩.૭૫ કાર્ડ ધારકો હોવાથી ૧૩૦૦ વ્યકિતને અપાતો લાભ**



સાવરકુંડલા, સોનિક ફાઉન્ડેશન સાવરકુંડલા દ્વારા શ્રીકૃષ્ણ ગૌશાળામાં વિનામૂલ્ય જરૂરિયાતમંદ લોકો માટે અમૃત સમાન પીણું કે વિના મૂલ્ય છાશ સેવા અવિરત ચાલે છે. અંતે ઉલ્લેખનીય છે તે કાળજાળ ગરમી પડી રહે છે અને છેલ્લા કેટલાક દિવસો પહેલા અમરેલી જિલ્લામાં સૌથી મોટો ડિગ્રી નો પારો હતો. ત્યારે આ સોનિક ફાઉન્ડેશનની આ સેવાકીય કામગીરીને સૌ કોઈ બિરદાવી રહ્યા છે. જેમાં સાવરકુંડલા ની મધ્યમાં આવેલ દેવળા ગેઈટ પર શ્રીકૃષ્ણ ગૌશાળા આવેલ હોવાથી માર્ચ મહિનાથી શરૂઆતથી જ જ્યાં સુધી અનાધાર વરસાદની શરૂઆત ના થાય ત્યાં સુધી આ છાશ સેવા અવિરત ચાલુ રહે છે આ છાશ કેન્દ્રમાં ૩.૭૫ કાર્ડધારક હોવાથી ૧૨૦૦ થી ૧૩૦૦ વ્યક્તિઓને છાશ લેવાનો લાભ મળે છે આ છાશ કેન્દ્રમાં વિનામૂલ્ય સેવા આપી રહેલ સેવાભાવી સ્વયંસેવકો શ્રી જીગ્નેશભાઈ ગેડીયા શ્રી ગોપાલભાઈ ચોંડીગરા, નિકુલભાઈ ગેડિયા શ્રી જીતેન્દ્રભાઈ નાંઢા શ્રી સંકેતભાઈ મારુ, શ્રી દિલીપભાઈ રાઠોડ શ્રી ભનુભાઈ મકવાણા છાશ વિતરણ કરી રહ્યા છે. આ વિરાટ કાર્યમાં શ્રીકૃષ્ણ ગૌશાળાની જગ્યામાં મદદરૂપ થનાર પ્રમુખશ્રી રાજુભાઈ બોરીસાગર તેમજ તમામ ટ્રસ્ટીગણ અને વિશેષ માર્ગદર્શન કરનાર પૂર્વ પ્રમુખશ્રી હરિભાઈ ચોંડીગરા નો પણ વિશેષ સહયોગ બની રહેલ છે. ત્યારે માનવસેવા એજ પ્રભુ સેવાના ના હેતુ થી છેલ્લા નવ વર્ષથી વિનામૂલ્યે છાસ સેવા અવિરત સાવરકુંડલામાં ચાલી રહેલ છે. અને આ ગરમી માં લોકોની આંતરડી ઠારી રહ્યા છે.

### ચકલી અને તે પણ કાળી ચકલી હોવાથી લોકોમાં અનેરી શ્રધ્ધા

## ચિરોડા નાગલનેશમાં માતાજીના થડા ઉપર કાળી ચકલી આવીને બેસી ગઇ

**ચકલીની વાત પ્રસરી વળતા ભાવિકો દર્શને ઉમટી પડયા : અનેક ચર્ચાઓ**





રાજુલા,
મેંદરડા તાલુકાના શીરોડા ગામે નાગલનેસ મંદિરે નાગબાઈ માં નાથડા અંદાજે ૭૦૦ વર્ષ પુરાણો હોવાથી નાગલેશ મંદિરનું અને થડાનું અને રૂ મહત્વ સૌરાષ્ટ્ર ભરમાં છે અહીં આઈ મા શ્રી મનુમા સાનિધ્યમાં નાગબાઈ માના થડાની પૂજા થાય છે દર રવિવારે અહીં શ્રદ્ધાના કારણે માનતાઓ પણ ખૂબ જ આવતી હોય છે અહીં દેશ-વિદેશના લોકો પણ પોતાના માનતાઓ લઈ આવતા હોય છે ત્યારે આઈ શ્રી મનુમા નુ નું પણ સમગ્ર પાંચાળ .સોરઠ .બાબરીયાવાડ .નાગેર કામળિયાવાળ .ગોહિલવાડ .ના ઘેર. વિસ્તારમાં કોઈપણ ધાર્મિક કામમાં આઈ શ્રી મનુમાને આમંત્રિત હોય અને મનુમા ના આશીર્વાદ લેવાનું મહત્વ હોય છે ખાસ કરીને મેર સમાજ. કાઠી ક્ષત્રિય સમાજ. તથા આહિર સમાજ. તેમજ અઢારે વરણમાં આઈ મા શ્રી મનુમા નુ અનેરૂ મહત્વ છે નાગલને નાગબાઈ મા ના થડાનું પણ અને રૂ મહત્વ છે ત્યારે આપણે ઘણી જગ્યાએ દાખલા તરીકે મુળી સુરજદેવળ તુલસીશ્યામ વગેરે મંદિર કળશ ઉપર મોર બેઠેલા જોયાના અનેક દાખલાઓ છે જ્યારે કાળી ચકલી બેસવાનો ભાગ્યે જ ક્યાંક પુરાવા હશે ભાલે ચડીને ખોડીયાર ચકલી બની અને ભાવનગર નરેશના ભલે બેઠી હતી જે રાજપરા ખોડિયાર તેવી જ રીતે હળાહળ કળિયુગમાં પણ શીરોડા મંદિરમાં નાગબાઈ માં ના થડા ઉપર કાળી ચકલી નિરાંતે બેસવા પૂજન આરતી તાણે નાગબાઈ મા ના થડા ઉપર બેસવા આવે છે આજના યુગમાં પણ આ ચકલી કોઈ માતાજીના રૂપમાં આવતી હશે પરંતુ જે હોય તે દર્શનારથીઓમાં આ કાળી ચકલી પણ માતાજીની આસ્થાનું પ્રતીક બની છે આઈ શ્રી મનુમાના અને નાગબાઈ મા ના દર્શનાર્થીઓ માં પણ આ કાળી ચકલી ને જોઈ અને લોકો દર્શન કરી અસમભામાં પડી ગયા હતા મા નાગબાઈ માતાજીના થડાનું આસ્થા નું કેન્દ્ર બન્યું છે અને આઈ મા શ્રી મનુ માનુ સેવકગણ ધોમ ધકતા તડકામાં પણ નાગબાઈ માં અને મનુમાના દર્શને જાય છે આમ મનુ માના આશીર્વાદ મેળવે છે માતાજી પાસેથી ધન્યતા અનુભવે છે.

## લાઠીમાં વિર હમીરજી ગોહિલને ભાવાંજલી અર્પણ

**વીર હમીરજી સ્મૃતિ ટ્રસ્ટ લાઠી દ્વારા થયેલુ આયોજન**



અમરેલી,
વિર હમીરજી સ્મૃતિ ટ્રસ્ટ, લાઠી આયોજિત કીર્તિ કોટેજ ખાતે સોમનાથની સખાતે ધર્મ રક્ષા કાજે કેસરિયા કરનાર લાઠીના કુંવર વીર હમીરસિંહજી ગોહિલ ને તેમનાં બલિદાન દિને ભાવાંજલિ અર્પણ કરેલ. વિર હમીરજી સ્મૃતિ ટ્રસ્ટ, લાઠી દ્વારા કીર્તિ કોટેજ ખાતે લાઠી થી અયોધ્યા સુધી પગપાળા યાત્રા કરનાર યાત્રીઓ નું સાકર નો પડો તેમજ શ્રી રામ લખેલ ઉપવસ્ત્ર આપી સન્માન કરેલ તેમજ સફળ યાત્રાની શુભેરછા પાઠવેલ.

# સુરતમાં કાપોદ્રા પોલીસની રીક્ષા ચાલકો સામે લાલ આંખ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત,સુરતની પોલીસે રીક્ષા ચાલકો સામે લાલ આંખ કરી છે માલિકો ભાડેથી રીક્ષા આપી પેસા કમાતા હોય છે ત્યારે ઘણીવાર ભાડેથી રીક્ષા ચલાવનાર ચાલકોની કોઈ પણ ખરાઈ કર્યા વગર રીક્ષા માલિકો ભાડેથી રીક્ષા આપી દૃતા હોય છે ત્યારે કાપોદ્રા પોલીસ મથકમાં ૧૦ જેટલા રીક્ષા માલિકો અને ચાલકો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં છેપ સુરત શહેરની કુલ વસ્તી ૭૦ લાખને પાર છે ત્યારે મહાનગર પાલિકા દ્વારા માસ ટ્રાન્સપોટેશન માટે સીટી અને બીઆરટીએસ બસ શરુ કરાઈ છે પણ શહેરમાં રીક્ષામાં મુસાફરી કરવાવાળાની સંખ્યા પણ ખૂબ મોટાપાયે છે ત્યારે શહેરમાં રીક્ષામાં મુસાફરી કરતા પેસેન્જરોને કોઈપણ જાતની તકલીફ ના પડે અને કોઈ અઘટિત ઘટનાઓ બને તે માટે પોલીસ કમિશ્નર દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે અંતર્ગત દૃરેક પોલીસ મથક વિસ્તારમાં કામગીરી કરવામાં આવી રહી છેપઆપણે જાણીએ કે, ઘણીવાર રીક્ષામાં સવારી કરતા મુસાફરોની કીમતી વસ્તુઓ ચોરાઈ જતી હોય છે , સાથે ક્યારેક મુસાફરને ગંભીર ઈજા પહોંચાડી લુંટ કરાતી હોય છે ક્યારેક એકલી મુસાફરી કરતી મહિલાઓ અને યુવતીઓ સાથે દુષ્કર્મની ઘટનાઓ પણ બને છે.

# અમરેલી નગરપાલિકાના પુર્વ પ્રમુખ શ્રી મંજુલાબેન જોષીનું નિધન : શોક

## પુર્વ પ્રમુખ શ્રી મંજુલાબેન જોષીના પરિવારમાં ઘેરો શોક : શ્રધ્ધાસુમન અર્પણ



અમરેલી,

અમરેલી નગરપાલિકાના પુર્વ પ્રમુખ મંજુલાબેન નલીનભાઈ જોષીનું તા.૧૮-૫-૨૪ને શનિવારે અવસાન થયુંછે. શ્રી મંજુલાબેનનું નિધન થતાં જોષી પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. શ્રી મંજુલાબેનની અંતિમ યાત્રા તેમના નિવાસ સ્થાનેથી કૈલાસ મુકિતધામ ગઈ હતી અને અંતિમ વિધી કરી હતી. ડો. કિરીટભાઈ જયંતભાઈ જોષી, હરેશભાઈ જયંતભાઈ જોષી, પંકજભાઈ પ્રિયકાંતભાઈ જોષી, સંગીતાબેન નલીનભાઈ જોષી સહિત પરિવારના શ્રી મંજુલાબેન વિલાપ કરતા છોડી ગયા છે. સદગતનું બેસણું તા.૨૦-૫ સોમવાર બપોરના ૫ થી ૭ તેમના નિવાસસ્થાન માણેકપરા સત્યનારાયણ મંદિર પાસે અમરેલી મુકામે રાખેલ છે.

# ઓનલાઇન ટાસ્કનાં નામે ૨૧ લાખ પડાવનાર ગેંગનાં ભોપાલનાં ચાર સાગરીત ઝડપાઇ ગયાં

(જી.એન.એસ) જામનગર, ઓનલાઈન ટાસ્કની પાર્ટ ટાઈમ જોબના નામે વડોદરાના યુવા પાસે ૨૧ લાખ પડાવીને ગેંગના વધુ ચાર સાગરીત ભોપાલથી પકડાયા છે. કારેલીબાગના જીતેન્દ્ર બડભુજરને પાર્ટ ટાઈમ જોબની ઓફર કરનાર ટોળકીએ શરૂઆતમાં યુટ્યુબ પર મુવીને લાઈક કરવા તેમજ બીજા ટાસ્ક આપી શરૂઆતમાં રૂપિયા આપ્યા બાદ પ્રીમિયમ ટાસ્કના નામે અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં ડિપોઝિટ ભરાવી ઠગ ટોળકીએ રૂ.૨૧ લાખ ઉપરાંતની રકમ પડાવી દીધી હતી.

# વડોદરામાં ચોરનો આતંક : વૃધ્ધાનાં કાનમાં સોનાની બુટ્ટીઓ પહેરેલ જમણો કાન કાપીને લઇ ગયાં

## -:: જાહેર નોટીસ ::-

આથી હું નીચે સહી કરનાર જયેશભાઇ ત્રીવેદી એડવોકેટ રહે. અમરેલીનાં તે અમારા અસીલ રેખાબેન મનોજભાઇ કાછડીયા રહે. અંકલેશ્વર વાળાને મળેલ સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ આપીને લાગતા વળગતાઓને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ લુણીધાર તા.કુંકાવાવ-વડીયા મુકામે આવેલી ખેતીની જમીન જે કુમારભાઇ હરિભાઇ સીતાપરાના નામે ખાતા નં.૧૯૫, સર્વે નં.૧૧૧/૧ અ પૈકી ૧૧ જેનું ક્ષેત્રફળ હે. ૧-૯૮-૩૦ આરે.ચો.મી. આવેલ છે. જે જમીન અમારા અસીલ ખરીદ કરવા માંગે છે જેથી આ જમીન પરત્વે કોઇપણ વ્યક્તિનો લાગ, ભાગ, હક્ક, હિસ્સો કે અન્ય પ્રકારનો કોઇપણ વ્યવહાર હોય તો તેમણે દિન-૮ માં જરૂરી આધાર પુરાવા સાથે અમારો સંપર્ક કરવો અન્યથા ત્યારબાદ સદરહુ જમીન પરત્વેનો કોઇપણ વ્યવહાર અમારા અસીલને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે નહી જેની આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

અસીલની સુચનાથી
જયેશ પી.ત્રીવેદી - એડવોકેટ
જિલ્લા મધ્યસ્થ બેંક સામે, ક્રિષ્ના કોમ્પલેક્ષ,
માર્કેટયાર્ડ રોડ, અમરેલી મો.૯૩૭૪૦ ૦૪૯૧૬


એડમિશન ચાલુ છે
ધો. ૧૦ અને ૧૨ પછી સરકારી નોકરી અપાવતા કોર્ષ
• SI • ફાયર સેફટી
• ANM • GNM
• BSC • PBSC
• D.PHARM
SC st વિદ્યાર્થી ને સ્કોલરશીપ
ધો.૧૦ ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડમાં પરીક્ષા આપી ઉજ્જવળ ભવિષ્ય બનાવો
વધુ માહિતી માટે
લક્ષ્ય એજ્યુકેશન અમરેલી
૭૦૪૩૮ ૧૯૯૫૬
lakshyaeducationamreli@gmail.com
https://lakshyaeducation.org.in/
LAKSHYA EDUCATION
અમરેલી, ભાવનગર, ગાંધીનગર, જુનાગઢ, અમદાવાદ



વોટર પ્રુફીગ (લેખીત વોરંટી સાથે)
(ફકત ઈમ્પોંટિડ વોટર પ્રુફીગ મટીરીયલ વડે)
• ધાબા :- ચાઈના મોઝેક વાળા, ટાઈલ્સ વાળા, કોંક્રીટવાળા
• પતરા :- કોઈપણ જાતના પતરાનું લીકેજ
સંક સ્લેબ પાણીની ટાંકી, બેઝમેન્ટ, ટેરેસ ગાર્ડન વગેરેનું વોટર પ્રુફીગ કરી આપીશું.
નવા બંગલાઓમાં પહેલેથી વોટર પ્રુફીગ કરાવવા અચુક સંપર્ક કરો.
ડીઝાઈન એન્જીનીયરીગ અને વોટરપ્રુફીગ કન્સલટન્સી
(સુરેન્દ્રનગરવાળા - અમારી બીજી કોઈ શાખા નથી)
કોન્ટેકટ નંબર :- 75671 91919, 98983 25787





શ્યામ આંખની હોસ્પિટલ
ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત
૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી
અહીં ઉપલબ્ધ સારવાર :
● અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેક્શન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
● ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
● તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
● વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
● અધતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
● કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
● ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
● ઇમ્પોટેર્ડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા
-: સ્થળ :-
-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦
-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦





આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz



... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીગ: ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC: પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫



સંકુલ - હોશીયાર મિડીયમ નબળા - તમામને પ્રવેશ
પોતાની પસંદગી નું વિષય જુથ પસંદ કરવાની છુટ
★ KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ – Since 1997
★ બહુજ વ્યાજબી સ્કૂલ – કોલેજ ફી – બહુજ વ્યાજબી હોસ્ટેલ લવાજમ
★ બહોળી સંખ્યા માં A1 ગ્રેડ મેળવનાર – બહોળી સંખ્યા માં A2 ગ્રેડ મેળવનાર
★ યુનિવર્સિટી ટોપટેનમાં સકુલ ગર્લ્સ – યુનિવર્સિટી ટોપટેન માં સંકુલ કોલેજ
★ લોઅર ને મિડીયમ – મિડીયમ ને અપર – અપર ને ટોપર લેવલે પહોંચાડવાની પ્રથા
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 030



સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ





પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું
હારમની વિકેન્ડ વિલા
અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા





આ છે અહીંની વિશેષતાઓ...
● વિકટ્રીફાઇ ટાઇલ્સ ● સ્ટાન્ડર્ડ કવોલીટીમાં બાથરૂમ ફીટીંગ
● સ્ટાન્ડર્ડ બારી દરવાજા ● મેઇન ગેટે સિક્યુરીટી
● ગ્રેનાઇટ પ્લેટફોર્મ ● ૨૪ કલાક જનરેટરની સુવિધા
● આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
● સ્ટીલ ગ્રેલીંગ ● આર.સી.સી. રોડ
● સીસીટીવી કેમેરાથી સુસજ્જ
અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ
સાઇડ એડ્રેસ :- સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી
ટાઇટલ કલીયર લોનેબલ
વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો
મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com






Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારુતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ અમરેલી






શુભ મંગલ ને વધાવે, "મધુવન" હર નારી ને દીપાવે
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. 02792-222208 94264 23006
madhuvan gold art madhuvangold.in



રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

